For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 26 | Saturday 24 February 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



Gadgets ગુરૂ
Nothing Phone 2a આવતા મહિને લોન્ચ થશે 4

આપણે એક નંબર પર લઈ જવાની આપણી જવાબદારી, પશુપાલકો માટે 30 હજાર... 7



'ડોન 3'માં કિયારા અડવાણીની એન્ટ્રી, રણવીર સિંહ 'ડોન'નું પાત્ર ભજવશે, ફિલ્મ આવતા... 10

# અમેરિકાની અવકાશમાં વધુ એક મોટી સિદ્ધિ, ભારત પછી દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કર્યું...


## 52 વર્ષ પછી ચંદ્રની ધરતી પર સફળ ઉતરાણ કર્યુ

'લેન્ડર ઉતારીને કંપનીએ રચ્યો ઈતિહાસ'




## ચંદ્રયાન-3 બાદ US સાઉથ પોલ પર ઉતરનાર બીજો દેશ બન્યો, અવકાશના ક્ષેત્રમાં નવા દરવાજા ખૂલશે...

■ 21 જુલાઈ, 1969
નીલ આર્મસ્ટ્રોંગે પહેલો પગ મૂક્યો



■ 22 ફેબ્રુઆરી 2024
દક્ષિણ ધ્રુવ પર સફળ ઉતરાણ



■ વજન
1908 કિલો

■ લંબાઈ
4 મીટર

■ પહોળાઈ
1.57 મીટર

■ ઉર્જા માટે
સોલાર પેનલ



■ 15 ફેબ્રુઆરી 2024
સ્પેસ એક્સ ફાલ્કન-9થી મોકલવામાં આવ્યું

■ 22 ફેબ્રુઆરી 2024
ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યું

■ નવેમ્બર 2024
ગ્રિફિન લેન્ડરને સાઉથ પોલ પર લેન્ડ કરાશે

## અમેરિકાની ખાનગી કંપનીએ અંતરિક્ષમાં ઈતિહાસ રચી દીધો

■ કેલિફોર્નિયા

પહેલીવાર અમેરિકાની એક ખાનગી કંપનીએ ચંદ્રની સપાટી પર પોતાનું મૂન લેન્ડર ઉતારીને ઈતિહાસ રચી દીધો છે. ઈન્ટુઈટિવ મશીન્સ નામની હ્યૂસ્ટનની આ કંપની પહેલી ખાનગી કંપની બની ગઈ છે. જેણે સફળતાપૂર્વક ચંદ્રની સપાટી પર લેન્ડિંગ કર્યુ છે. કંપનીએ ઓડેસિયસ નામનું પોતાનું મૂન લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતાર્યુ છે. લેન્ડરને ઉતારતા સમયે કંટ્રોલર્સની સાથે તેનો સંપર્ક થોડીક ક્ષણો માટે તૂટી ગયો હતો. જોકે પછી તેને ઝડપથી સિગ્નલ મળવા લાગ્યા હતા. ફ્લાઈટ ડાયરેક્ટર ટિમ ક્રેને પુષ્ટિ કરતાં કહ્યું કે અમે કોઈપણ શંકા વિના પુષ્ટિ કરી શકીએ છીએ કે અમારું ઉપકરણ ચંદ્રની સપાટી પર પહોંચી ગયું છે અને ત્યાંથી તે અમને સિગ્નલ મોકલી રહ્યું છે. કંપનીના સીઈઓ સ્ટીવ આલ્ટેમસે પોતાની ટીમને કહ્યું ચંદ્ર પર સ્વાગત છે. ઓડેસિયસને ગયા અઠવાડિયે ફ્લોરિડાના કેપ કેનાવેરાલ લોન્ચ સ્ટેશનથી છોડવામાં આવ્યું હતું. આ યાન ત્રણ લાખ 84 હજાર કિલોમીટર એટલે કે 2,38,855 માઈલનું અંતર કાપીને ચંદ્ર સુધી પહોંચ્યું છે.

## સ્પેસક્રાફ્ટની ઝડપ વધી ગઈ હતી

જોકે ઓડિસિયસ એક પ્રાઈવેટ મૂન મિશન છે, પરંતુ એની પાછળ અમેરિકન સ્પેસ એજન્સી NASAની વિચાર છે. નાસાએ પોતે મિશનમાં ઉપયોગમાં લેવાતાં 6 સાધન તૈયાર કર્યા છે. અહીં મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લેન્ડિંગ પહેલાં સ્પેસક્રાફ્ટની ગતિ વધી ગઈ હતી, તેથી ઓડિસિયસે ચંદ્રની આસપાસ વધારાનું ચક્કર લગાવ્યું. એક ચક્કરમાં વધારો થવાને કારણે લેન્ડિંગના સમયમાં ફેરફાર થયો હતો. અગાઉ ભારતીય સમય અનુસાર, સવારે 4.20 વાગ્યે એનું સોફ્ટ લેન્ડિંગ કરવાનું હતું. વલેન્ડિંગ પહેલાં 19 મિનિટ સુધી હોવરિંગ (લેન્ડિંગવાળી જગ્યાએ ઉપર ચક્કર લગાવવા) કરવામાં આવ્યું હતું.

## જે જગ્યાએ લેન્ડિંગ થયું હતું ત્યાં માણસોને મોકલવાની તૈયારી

લેન્ડર ઓડેસિયસ જે જગ્યા પર લેન્ડ થયું છે એ મેલાપાર્ટ તરીકે ઓળખાય છે. અહીં સૂર્યપ્રકાશ પહોંચતો નથી. આ એક ખીણ પાસેની સપાટ જગ્યા છે. મેલાપાર્ટે 17મી સદીના બેલ્જિયન ખગોળશાસ્ત્રી હતા. વૈજ્ઞાનિકોનું માનવું છે કે અહીં પાણી છે, પરંતુ એ બરફના રૂપમાં છે. આ વિસ્તાર એવાં સ્થળોના શોર્ટલિસ્ટમાં છે, જ્યાં યુએસ સ્પેસ એજન્સી નાસા આર્ટેમિસ મિશન હેઠળ અવકાશયાત્રીઓને મોકલવા પર વિચાર કરી રહી છે.

**લેન્ડિંગ પદ્ધતિ** ■ .લેન્ડિંગ પહેલાં ઓડિસિયસે ચંદ્રની ભ્રમણકક્ષા પૂર્ણ કરી. આ પછી એ સપાટીની નજીક પહોંચી ગયું. આ અંતર લગભગ 6 માઈલ હતું. બાદમાં સમગ્ર પૂર્ણ લેન્ડિંગ પ્રક્રિયા રોબોટિક મિશન મોડ પર હતી. આ પછી અવકાશયાનની ગતિ ઘટી ગઈ. ■ લેન્ડિંગ સ્થળ પહેલેથી જ પસંદ કરવામાં આવ્યું હતું. સ્પેસક્રાફ્ટમાં લગાવવામાં આવેલા કેમેરા એના ચોક્કસ સ્થાનને મિશન કંટ્રોલ રૂમ સુધી પહોંચાડી રહ્યા હતા. આ અગાઉ મેળવેલ ડેટા સાથે ક્રોસ ચેક અથવા મેચ કરવામાં આવ્યા હતા. અવકાશયાનમાં સોલર પેનલ છે. લેન્ડિંગ બાદ એ ત્યાંથી સાત દિવસ સુધી ચાર્જ થશે.

## અમેરિકાએ સ્પેસ પ્રોગ્રામ માટે મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી

જ્યારે મૂન લેન્ડર ચંદ્રની સપાટીને સ્પર્શવાના સમાચાર આવ્યા, ત્યારે કંપનીના કર્મચારીઓ ખુશીથી તાળીઓ પાડવા લાગ્યા. આને માત્ર કંપની અને કોમર્શિયલ ઉપયોગ માટે જ નહીં, પરંતુ અમેરિકન સ્પેસ પ્રોગ્રામ માટે પણ એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. 1972માં એપોલો મિશન પછી અમેરિકાએ ચંદ્ર પર તેનું મિશન મોકલ્યું ન હતું. લગભગ પાંચ દાયકામાં પ્રથમ વખત, ઈન્ટ્યુટિવ મશીનોએ આ રેકોર્ડ તોડ્યો છે અને તેના ઓડેસિયસ લેન્ડરને ચંદ્ર પર લેન્ડ કર્યું છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ ઓડેસિયસ લેન્ડર દ્વારા ચંદ્ર પર છ વૈજ્ઞાનિક સાધનો મોકલ્યા છે. નાસાના પ્રશાસક બિલ નેલ્સને કંપનીને અભિનંદન પાઠવ્યા છે અને તેને મોટી જીત ગણાવી છે.

## 51 વર્ષમાં પ્રથમ વખત અમેરિકા અવકાશયાન ચંદ્ર પર ઊતર્યું

51 વર્ષમાં પ્રથમ વખત કોઈ અમેરિકન મિશન ચંદ્ર પર ઊતર્યું છે. અગાઉ 1972માં એપોલો 17 મિશન ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કર્યું હતું. આ પછી અમેરિકાએ વર્ષ 2022માં ચંદ્ર પર આર્ટેમિસ-1 મિશન મોકલ્યું હતું, પરંતુ એ અવકાશયાન ચંદ્ર પર ઊતર્યું ન હતું. આર્ટેમિસ-1એ ચંદ્રની પરિક્રમા કરી હતી.

# ગુજરાતી યુવતી નમસ્વી ભટ્ટનો USમાં ડંકો

## જ્યોર્જિયા હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સમાં હાઉસ પેજ તરીકે સેવા આપી

■ વોશિંગ્ટન

ગુજરાતી યુવતી નમસ્વી ભટ્ટે અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટ કેપિટલ બિલ્ડિંગ ખાતે આવેલા જ્યોર્જિયા હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સમાં હાઉસ પેજ તરીકે સેવા આપવાની સિદ્ધિ મેળવી. આ તકે તેની સાથે રિપ્રેઝેન્ટેટિવ સૂ હોંગ પણ હાજર રહ્યા હતા. નમસ્વીએ સૂ હોંગ સાથે રહીને હાઉસના કામકાજ અંગેની માહિતી મેળવી હતી. સૂ હોંગ જ્યોર્જિયા હાઉસના રિપ્રેઝેન્ટેટિવ છે અને ગૃહમાં સેવા આપનારા કોરિયન મૂળના પ્રથમ મહિલા છે.

**શું છે હાઉસ પેજ પ્રોગ્રામ?** હાઉસ પેજ એ એવો પ્રોગ્રામ છે જેમાં જ્યોર્જિયાના 12થી 18 વર્ષની વચ્ચેના વિદ્યાર્થીઓ સ્ટેટ કેપિટલની મુલાકાત લઈ શકે છે અને હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સના સભ્યોને મદદ કરે છે. આ પ્રોગ્રામ નેતાઓ અને વિદ્યાર્થીઓ વચ્ચેની કડી સમાન છે.

**શું છે જ્યોર્જિયા હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સ?** જ્યોર્જિયા હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સ એ અમેરિકાના જ્યોર્જિયા રાજ્યની જનરલ એસેમ્બલીનું નીચલું ગૃહ છે. જેમાં હાલમાં 180 ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે. વર્ષ 2005થી આ ગૃહમાં રિપબ્લિકન્સની બહુમતી છે. જોન બર્ન્સ આ ગૃહના સ્પીકર છે.









# અમેરિકાના રાજકારણમાં વધુ એક ભારતીયનો જલવો

## અશ્વિન રામાસ્વામીએ 24 વર્ષની ઉંમરે સેનેટની ચૂંટણીમાં ઝંપલાવ્યું

■ વોશિંગ્ટન

mઅમેરિકાના રાજકારણમાં પણ હવે ભારતીય મૂળના લોકોનો દબદબો વધી રહ્યો છે.તેમાં પણ ભારતીય મૂળના યુવક અશ્વિન રામાસ્વામી તો માત્ર 24 વર્ષની વયે જ્યોર્જિયા રાજ્યમાં સેનેટની ચૂંટણી લડવા માટે મેદાનમાં ઉતર્યા છે. તેઓ જનરેશન ઝેડના પહેલા ભારતીય અમેરિકન વ્યક્તિ છે જે ચૂંટણી જંગમાં ઝૂકાવશે. જનરેશન ઝેડ શબ્દ એવા વ્યક્તિઓ માટે વપરાય છે જે 1997 થી 2012ની વચ્ચે જન્મ્યા હોય. અશ્વિન રામાસ્વામી ડેમોક્રેટ પાર્ટીના ઉમેદવાર તરીકે જ્યોર્જિયાની ડિસ્ટ્રિક્ટ 48 બેઠક પર રિપબ્લિકન પાર્ટીના વર્તમાન સાંસદ શોન સ્ટિલનો મુકાબલો કરશે. શોન સ્ટિલ પર 2020માં અમેરિકન સંસદમાં ઘૂસીને હિંસા કરવાનો આરોપ પણ લાગેલો છે. આ જ મામલામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ આરોપી છે.

રામાસ્વામીના માતા પિતા તામિલનાડુથી 1990માં અમેરિકા સ્થાયી થયા હતા. અશ્વિન રામાસ્વામીએ 2021માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી કોમ્પ્યુટર સાયન્સની ડિગ્રી મેળવી છે. સાથે સાથે તેઓ કાયદાના પણ સ્નાતક છે. અશ્વિનના માતા પિતા આઈટી સેક્ટરમાં છે. અશ્વિન પર રામાયણ, મહાભારત અને ભગવદ ગીતાનો ઘેરો પ્રભાવ છે. ભારતની ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યુ હતુ કે, મારી માતા ચેન્નાઈ અને પિતા કોઈમ્બતુરના રહેવાસી છે. હું ભારતીય અને અમેરિકન એમ બંને પ્રકારના કલ્ચરમાં મોટો થયો છું. ભારતીય ફિલોસોફીમાં એક હિન્દુ હોવાના નાતે મને ઘણો રસ છે.હું કોલેજમાં હતો ત્યારે સંસ્કૃત શીખ્યો હતો યોગ અને ધ્યાન મારા જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે. પુરાણો અને ઉપનિષદોનુ પણ હું વાંચન કરુ છું.

તેમણે કહ્યુ હતુ કે, અભ્યાસ પૂરો કર્યા બાદ ઘણા સ્ટાર્ટઅપમાં પણ મેં નોકરી હતી. જોકે મને અહેસાસ થયો હતો કે, સરકારમાં ટેનકોલોજીને સમજી શકે તેવા લોકોની જરુર છે અને મેં સરકારી એજન્સી સાથે સાયબર સિક્યુરિટી પર કામ કર્યુ હતુ. હું મારી કોમ્યુનિટીની સેવા કરવા માટે સ્ટેટ સેનેટની ચૂંટણી લડી રહ્યો છું. હું ઈચ્છુ છું કે જે પ્રકારની તકો મને મળી તે તમામ નાગરિકોને મળે. લોકોના પ્રતિનિધિ તરીકે એવા યુવાઓની જરુર છે જેમનુ કોઈ રાજકીય બેકગ્રાઉન્ડ નથી.અશ્વિને આગળ કહ્યુ હતુ કે, દરેક વ્યક્તિને સારામાં સારુ શિક્ષણ મળવુ જોઈએ. દરેકની પાસે નોકરી હોવી જોઈએ તેમજ દરેક વ્યક્તિને સ્વાસ્થ્ય સેવાનો લાભ મળો જોઈએ. મારા માટે લોકોની સુરક્ષા પણ મહત્વની છે. સ્કૂલોમાં ફાયરિંગની ઘટનાઓ રોકવા માટે પણ હું પ્રયાસ કરીશ.

# USમાં ભારતીય મહિલાને મોટી જવાબદારી સોંપાઈ

## મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના બોર્ડમાં

■ ન્યૂયોર્ક

છેલ્લા કેટલાક સમયથી વિદેશોમાં ભારતીય મહિલાઓ વર્ચસ્વ જમાવી રહી છે. તાજેતરમાં મળેલી માહિતી પ્રમાણે અમેરિકામાં વધુ ભારતીય મહિલાને મોટી



જવાબદારી સોપવામાં આવી છે. ભારતીય મૂળની અમેરિકન મીરા જોશીને મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી (MTA)ના બોર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સે તેમને નોમિનેટ કર્યા છે.મીરા જોશી એટર્ની હોવાની સાથે સાથે ન્યૂયોર્કના ડેપ્યુટી મેયર પણ છે. મીરા જોશી જાન્યુઆરી 2022 થી ડેપ્યુટી મેયર પદ પર છે. હવે તેઓ ન્યૂયોર્ક સિટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ અને ક્લાઈમેટ પોર્ટફોલિયો સંભાળશે. આ સિવાય એરિક એડમ્સે ન્યૂયોર્ક ડિપાર્ટમેન્ટ ઓફ સિટી પ્લાનિંગ અને સિટી પ્લાનિંગ કમિશનના ચેરમેન ડેન ગારોડનિકને પણ નોમિનેટ કર્યા છે. તમને જણાવી દઈએ કે, મીરા જોશી પાસે જાહેર પરિવહનમાં કામ કરવાનો લાંબો અનુભવ છે. તેમને ન્યૂયોર્ક સિટીમાં ક્રાઉડ મેનેજમેન્ટ તૈયાર કરવાનો શ્રેય આપવામાં આવે છે.

મેયર એરિક એડમ્સે કહ્યું હતું કે, ડેપ્યુટી મેયર જોશી અને ડાયરેક્ટર ગારોડનિક એમટીએના ભવિષ્યને સુરક્ષિત કરવા અને દરેક ન્યૂયોર્કવાસીઓને સલામત અને વિશ્વકક્ષાની ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પહોંચાડવા માટે આ વ્યક્તિ યોગ્ય છે. મીરા જોશીનું કહેવું છે કે, ન્યૂયોર્ક સિટીને તેની પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમથી બીજી કોઈ વસ્તુ વધારે પ્રભાવિત નથી કરતી, તે આ કામ માટે એક કરોડરજ્જુ સમાન છે અને શહેરની અર્થવ્યવસ્થા તેના પર નિર્ભર રહેલી છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex,
Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi,
Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### વિશ્વમાં ઘઉં 26% સસ્તા થયા પરંતુ ભારતમાં 8% મોંઘા

# 1 વર્ષમાં આપણા દેશ સિવાય તમામ દેશોમાં મોંઘવારીથી સૌને રાહત મળી

## ■ વિશ્વભરમાં ગેસના ભાવ 54% ઘટ્યા, અહીં 33% વધ્યા

■ નવી દિલ્લી

વિશ્વમાં એક વર્ષની અંદર મોંઘવારીથી જેટલી રાહત મળી છે એટલી આપણને નથી મળી. એટલું જ નહીં, અનેક વસ્તુ એવી છે જેની કિંમત વિશ્વભરમાં ઘટી છે પરંતુ ભારતમાં વધી છે. એટલે કે, નેચરલ ગેસમાં છેલ્લા એક વર્ષમાં વિશ્વમાં 54.1% કિંમત ઘટી છે, પરંતુ દેશમાં 33% વધી છે. એ જ રીતે, 2022ની તુલનાએ 2023માં વિશ્વમાં ઘઉંની કિંમત 26% સુધી ઘટી છે, પરંતુ દેશમાં 8% સુધી વધી છે. યુરિયામાં પણ આવી જ સ્થિતિ રહી. તેની કિંમત વિશ્વમાં એક વર્ષમાં 48.9% ઘટી, પરંતુ દેશમાં 3.5% વધી. બેન્ક ઑફ બરોડાના તાજેતરના રિપોર્ટમાં આ તારણ સામે આવ્યું છે.

દેશમાં વર્ષની શરૂઆતમાં એટલે કે જાન્યુઆરી દરમિયાન મોંઘવારી મોરચે રાહત મળી છે. જાન્યુઆરી મહિના દરમિયાન જથ્થાબંધ મોંઘવારી દર ઘટીને 0.27% નોંધાયો છે. અગાઉ ડિસેમ્બર દરમિયાન જથ્થાબંધ ફુગાવાનો દર 0.73% રહ્યો હતો.



### ક્રૂડ ઓઈલ સસ્તું છતાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટ્યા નહીં:

ક્રૂડ ઓઇલ પણ 2022ની તુલનામાં 2023માં વિશ્વમાં અંદાજે 17% સસ્તું થયું, પરંતુ દેશમાં 12%નો જ ઘટાડો થયો. તેમ છતાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ રાહત મળી નથી. ક્રિસિલના પ્રમુખ અર્થશાસ્ત્રી ધર્મકીર્તિ જોશી કહે છે કે ડૉલર અને રૂપિયાની કિંમત ક્રૂડ ઓઇલની કિંમતમાં ફરક લાવે છે. એટલે જ અહીં કિંમત ઓછી ઘટી છે. મેટલની કિંમતો હાઇ ટેરિફને કારણે એટલી નથી ઘટી જેટલી વિશ્વમાં ઘટી છે.

### વ્યાજદરોમાં ઘટાડાની પ્રતીક્ષા વધી

- દેશમાં મોંઘવારી દર અત્યારે 5.69% છે, જે એક વર્ષ પહેલાં 6.52% હતો એટલે કે માત્ર 1%નો ઘટાડો થયો છે.
- RBI દ્વારા નિર્ધારિત 4% કરતાં મોંઘવારી દર વધુ છે.
- તેની અસર એ છે કે 2024માં વ્યાજદરોમાં ઘટાડાની પ્રતીક્ષા થોડી વધી શકે છે.
- ગત વર્ષે પેટ્રોલ-ડીઝલમાં એક્સાઇઝ ડ્યૂટી ઘટાડાઇ હતી.
- ખાદ્યતેલ પર લાગતી આયાત ડ્યૂટી પણ ઘટાડાઇ હતી.
- RBIએ રેપોરેટ વધારવાની સાથે બેન્કોમાં વધારાની લિક્વિડિટીને પરત ખેંચી હતી. મોંઘવારી ઘટાડવા સરકાર સતત પ્રયાસરત છે.

## હિરાનંદાની ગ્રુપના હેડક્વાર્ટર અને ઓફિસ પર દરોડા

■ નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ આજે એટલે કે 22 ફેબ્રુઆરીએ મુંબઈમાં રિયલ એસ્ટેટ ડેવલપર્સ હિરાનંદાની ગ્રુપના હેડક્વાર્ટર અને અનેક ઓફિસો પર દરોડા પાડ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેન્દ્રીય તપાસ એજન્સીએ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ નિયમોના કથિત ઉલ્લંઘન માટે આ દરોડા પાડ્યા છે. તપાસ એજન્સીને કથિત વિદેશી હૂંડિયામણ ઉલ્લંઘન કેસ અંગે કેટલાક નવા ઈનપુટ મળ્યા હતા, જેના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સ કહે છે કે આ મામલો TMC નેતા મહુઆ મોઈત્રા સાથે સંબંધિત નથી. અગાઉ 2022માં EDની ટીમે હિરાનંદાની ગ્રુપના 24 સ્થળો પર દરોડા પાડ્યા હતા. નાણાકીય ગેરરીતિના આરોપસર દરોડો પાડવામાં આવ્યો હતો.


## બાયજુ રવીન્દ્રન સામે લુકઆઉટ નોટિસ

### દોઢ વર્ષ પહેલા જારી કરવામાં આવ્યું હતું LOC 'ઓન ઈન્ટિમેશન'

■ નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ બ્યુરો ઓફ ઈમિગ્રેશન (BOI)ને એડટેક ફર્મ બાયજુના સ્થાપક અને સીઈઓ બાયજુ રવીન્દ્રન સામે લુક આઉટ નોટિસ જારી કરવા જણાવ્યું છે. આ દ્વારા તપાસ એજન્સી એ સુનિશ્ચિત કરવા માંગે છે કે બાયજુ રવીન્દ્રન દેશ છોડીને ના જાય. ઈકોનોમિક્સ ટાઈમ્સે તેના એક રિપોર્ટમાં આ અંગે માહિતી આપી છે. રવીન્દ્રન વિરુદ્ધ એલઓસી પર પહેલાથી જ સૂચના ચાલી રહી છે. તેને દોઢ વર્ષ પહેલા EDની કોચી ઓફિસની વિનંતી બાદ રિલીઝ કરવામાં આવી હતી. જેની સામે એલઓસી ઓન ઈન્ટિમેશન જારી કરવામાં આવે છે તે વ્યક્તિ જ્યારે વિદેશ જાય છે ત્યારે ઈમિગ્રેશન ઓફિસર તેની જાણ તપાસ એજન્સીને કરે છે. જો કે, તેમને તે વ્યક્તિને વિદેશ જતા રોકવાનો અધિકાર નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બાયજુ રવીન્દ્રન છેલ્લા ત્રણ વર્ષથી દિલ્હી અને દુબઈમાં રહે છે.

## ભારતથી યુરોપમાં ડીઝલનો સપ્લાય 90 ટકા ઘટ્યો



■ નવી દિલ્લી

ભારતથી યુરોપમાં ડીઝલનો પુરવઠો છેલ્લા બે વર્ષમાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. અમેરિકન મીડિયા બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, રેડ-સીમાં હુતીઓના સતત હુમલાને કારણે આંતરરાષ્ટ્રીય વેપારને ભારે અસર થઈ રહી છે. એશિયાથી યુરોપિયન યુનિયન (EU) અને બ્રિટનમાં જતા કાર્ગોના શિપિંગ ચાર્જમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં પશ્ચિમી દેશોને બદલે એશિયામાં માલ મોકલવો વધુ આર્થિક બની ગયો છે. આ જાન્યુઆરીમાં સરેરાશ ડિલિવરી કરતાં લગભગ 90% ઓછું છે. સ્પાર્ટા કોમોડિટીઝના વિશ્લેષક નોએલ-બેસવિકે કહ્યું- સિંગાપોર જેવા પૂર્વીય દેશોમાં નિકાસ પશ્ચિમી દેશો કરતાં ઘણી સારી થઈ છે.

## NEWS FILE

### 2024માં દેશમાં કર્મચારીઓને પગારમાં 9.5%નો વધારો મળશે



નવી દિલ્હીઃ ગત વર્ષના મુકાબલે આ વર્ષે દેશમાં કર્માચારીઓને થોડું ઓછું ઈન્ક્રીમેન્ટ મળી શકે છે. ગ્લોબલ પ્રોફેશનલ સર્વિસ કંપની એઓન પીએલસીના સર્વેમાં આ વાત સામે આવી છે. આ વર્ષે કર્મચારીઓના પગારમાં 9.5%નો વધારો થવાની આશા છે. આ વધારો 2023ની રિયલ સેલેરી ઈન્ક્રીમેન્ટ 9.7% કરતા થોડો ઓછો છે002E એઓન પીએલસીના વાર્ષિક સર્વેમાં લગભગ 45 ઉદ્યોગોની 1,414 કંપનીઓના આંકડાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ દેશનો સૌથી મોટો અને સૌથી વિગતવાર સર્વે હોવાનું કહેવાય છે.

### વિમાન લેન્ડિંગની 30 મિનિટમાં સામાન મળી જશે:BCAS

નવી દિલ્હીઃ બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS)એ એર ઈન્ડિયા સહિત 7 એરલાઈન્સને એરપોર્ટ પર સમયસર સામાન પહોંચાડવા માટે સૂચનાઓ જારી કરી છે. BCASના નવા નિયમો અનુસાર, હવે એરલાઈન્સે લેન્ડિંગની 30 મિનિટની અંદર તેમની બેગ મુસાફરોને સોંપવી પડશે. તેનો અમલ કરવા માટે 26મી ફેબ્રુઆરી સુધીની મુદત આપવામાં આવી છે. જો નિયમોનું પાલન નહીં થાય તો કાર્યવાહી કરવામાં આવશે. BCASએ આ આદેશ એર ઈન્ડિયા, ઈન્ડિગો, અકાસા, સ્પાઈસ જેટ, વિસ્તારા, એર ઈન્ડિયા એક્સપ્રેસ કનેક્ટને જારી કર્યો છે.

### દેશમાં ખાંડનું ઉત્પાદન 2.48% ઘટી 22.36 મિલિયન ટન થયું



નવી દિલ્હીઃ દેશમાં ખાંડનું ઉત્પાદન ચાલુ માર્કેટિંગ વર્ષ 2023-24 દરમિયાન 15 ફેબ્રુઆરી સુધીમાં 2.48% ઘટી 22.36 મિલિયન ટન રહ્યું હતું. જ્યારે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન ખાંડનું ઉત્પાદન 22.93 મિલિયન ટન રહ્યું હતું. ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન (ISMA)ના બીજા અંદાજ અનુસાર, ચાલુ માર્કેટિંગ વર્ષ 2023-24 દરમિયાન દેશમાં ખાંડનું ઉત્પાદન 10% ઘટી 33.05 મિલિયન ટન રહી શકે છે જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન 36.62 મિલિયન ટન હતું. 15 ફેબ્રુઆરી સુધીમાં દેશના મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, તામિલનાડુમાં ખાંડનું ઉત્પાદન ઓછું નોંધાયું હતું.

# ડુંગળીની નિકાસ નહીં કરી શકાય, નિકાસની છૂટ આપી જ નથી

### બે દિવસમાં કિંમતમાં 40%નો વધારો નોંધાયો હતો

■ નવી દિલ્લી

ડુંગળીની નિકાસને છૂટ આપવામાં આવી હોવાના અહેવાલ બાદ ડુંગળી માર્કેટમાં હલચલ મચી ગઈ ત્યારે કેન્દ્ર સરકારે રહી રહીને સ્પષ્ટતા કરી છે કે ડુંગળીની નિકાસ કરવાની છૂટ અપાઈ જ નથી. નિકાસ પર પ્રતિબંધ ચાલુ જ છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ ચાલુ રહેશે. ઉપભોક્તા બાબતોના સચિવ રોહિત કુમાર સિંહે એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે. ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાના ખોટા સમાચાર પછી, દેશના સૌથી મોટા જથ્થાબંધ ડુંગળીના બજાર લાસલગાંવમાં તેની જથ્થાબંધ કિંમત 19 ફેબ્રુઆરીએ 40.62% વધીને 1,800 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ, જે 17 ફેબ્રુઆરીના રોજ 1,280 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતી. ડુંગળી પર પ્રતિબંધ વચ્ચે, આંતર-મંત્રાલય જૂથની મંજૂરી પછી જરૂરિયાતના આધારે મિત્ર દેશોમાં ડુંગળીની નિકાસની મંજૂરી આપવામાં આવે છે.

### 8 ડિસેમ્બરે સરકારે ડુંગળી નિકાસબંધી પર પ્રતિબંધ મૂક્યો

સિંહે ન્યૂઝ એજન્સી પીટીઆઈને કહ્યું, 'ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો નથી. આ પ્રતિબંધો અમલમાં છે અને પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. તેમણે કહ્યું, 'ડુંગળીના ભાવને નિયંત્રણમાં રાખવા માટે, તેની નિકાસ પરનો પ્રતિબંધ 31 માર્ચ, ડુંગળીની વધતી કિંમતો વચ્ચે કેન્દ્ર સરકારે 8 ડિસેમ્બર, 2023ના રોજ ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો.

### ડુંગળી પર પ્રતિબંધ ચૂંટણી સુધી ચાલુ રહી શકે છે

પીટીઆઈના જણાવ્યા અનુસાર 31 માર્ચ પછી પણ ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ ચાલુ રહી શકે છે. કારણ કે, આગામી મહિને લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થશે અને મે મહિનામાં મતદાન થવાની સંભાવના છે.આવી સ્થિતિમાં સરકાર મોંઘી ડુંગળીનું જોખમ નહીં લે. રવિ (શિયાળા) સિઝનમાં ડુંગળીના ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં ઓછા વિસ્તારના કવરેજને કારણે ડુંગળીનું ઉત્પાદન ઘટી શકે છે. 2023ની રવિ સિઝનમાં ડુંગળીનું ઉત્પાદન 22.7 મિલિયન ટન રહેવાનો અંદાજ હતો. કૃષિ મંત્રાલયના અધિકારીઓ આગામી દિવસોમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાત જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ડુંગળીના રવિ પાકનું મૂલ્યાંકન કરશે.

## તંત્રીસ્થાનેથી...

# આપણે સંતાનોને અપંગ અને વિકૃત પૃથ્વી વારસામાં આપતા જવાના છીએ




'હે કાળા માથાના માનવી, સાવધાન! જો હજુય ધ્યાન નહીં રાખ, જો હજુય ગ્લોબલ વોમગને અંકુશમાં નહીં લે તો હવામાનમાં એવા અણધાર્યા અને ભયાનક પલટા આવી શકે છે કે તારી અડધોઅડધ માનવજાતનો સફાયો થઈ જશે તને ખબર પણ નહીં પડે!' સાવ આવી કાળવાણી તો નહીં, પણ એક ગંભીર ચેતવણી 'ધ કમિંગ ગ્લોબલ સુપરસ્ટોર્મ' નામના પુસ્તકમાં ઉચ્ચારવામાં આવી હતી. આર્ટ બેલ અને વ્હાઇટલી સ્ટ્રાઇબરે નામના બે અભ્યાસુ લેખકોએ સાથે મળીને ૧૯૯૯માં આ પુસ્તક પ્રકાશિત કર્યું હતું. આ પુસ્તકના આધારે પછી હોલિવુડમાં સુપરડુપર હિટ ડિઝાસ્ટર ફિલ્મ બની, 'ધ ડે આફ્ટર ટુમોરો' (૨૦૦૪), જેણે બોક્સ ઓફિસ પર ૫૫૨ મિલિયન ડોલરની કમાણી કરી.

શું છે આ પુસ્તકમાં અને ફિલ્મમાં? આપણે આજે આ બન્નેને શા માટે યાદ કરી રહ્યા છીએ? બીજા પ્રશ્નનો ઉત્તર આપતા પહેલાં પહેલા પ્રશ્ન પર આવીએ. માણસજાત માનતી આવી હતી કે ધ્રુવ પ્રદેશની હિમશીલાઓ (ગ્લેશિયર્સ) તો શાશ્વત છે, તે જેવી છે એવી ને એવી કાયમ માટે અકબંધ રહેવાની છે. હકીકત એ છે કે નઠારી માનવજાતે ગ્લોબલ વોમગ નામનો જે રાક્ષસ પેદા કરી નાખ્યો છે તેને કારણે આ ગ્લેશિયરોએ પીગળવાનું શરૂ કરી દીધું છે. આ પુસ્તક અને ફિલ્મનો કેન્દ્રિય વિચાર આ છેઃ ઠંડાગાર વાયુકણોને 'બાંધી' રાખતો ગલ્ફ સ્ટ્રીમ નામનો 'કુદરતી ચોકીદાર' જો લડતો લડતો ઢળી પડે તો પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં, ખાસ કરીને નોર્થ અમેરિકા, યુરોપ અને એશિયાના અમુક હિસ્સાનું તાપમાન ખાસ્સું એવું નીચે જઈ શકે છે, પરિણામે જીવલેણ ઠંડી અને અન્ય કુદરતી ઉપાધિઓને લીધે લાખો-કરોડો લોકોનું પ્રાણપંખેરું ઉડી શકે છે. મોકાણના સમાચાર આ છેઃ

એક અભ્યાસ કહે છે કે ગલ્ફ સ્ટ્રીમ 'કોલેપ્સ' થવાની શરૂઆત સદીઓ પછી થશે તેવું માનવાની ભૂલ કરતા નહીં, આ શરૂઆત એકદોઢ વર્ષમાં, ૨૦૨૫માં પણ થઈ શકે છે!

આ ગલ્ફ સ્ટ્રીમ એટલે એક્ઝેક્ટલી છે શું? નોર્થ અમેરિકા અને પશ્ચિમ યુરોપની આબોહવા સાથે તેને શું લેવા દેવા? આપણે સૌ સ્કૂલમાં ભૂગોળના ક્લાસમાં સમુદ્રના પાણીના ગરમ પ્રવાહ અને ઠંડા પ્રવાહ વિશે ભણી ચૂક્યા છીએ. વિષુયવૃત એક કાલ્પનિક રેખા છે, જે પૃથ્વીની બરાબર મધ્યમાંથી પસાર થઈને ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ એમ બે ફાડિયાં કરે છે. વિષુયવૃત્ત પાસે સૂર્યનાં સીધાં પડતાં હોવાથી અહીં સૌથી વધારે ગરમી હોય છે, તેથી આ પ્રદેશમાં ફેલાયેલા સમુદ્રનાં પાણી પણ દેખીતી રીતે ઉષ્ણ હોવાનાં. જો સમુદ્રને એક વિરાટ પાત્ર સમજો તો ગરમ પાણી વજનમાં હળવું હોવાથી તે આ દરિયાઈ તપેલીમાં ઉપરની બાજુ રહે છે. ઠંડું પાણી વજનમાં ભારે હોય એટલે તે પાત્રના તળિયે જમા થાય. સમુદ્રની સપાટી ઉપર રહેલા ગરમ પાણીને પવનો ધ્રુવ પ્રદેશ તરફ ખેંચી જાય છે. આને કારણે જે દરિયાઈ પાણીમાં જે ગતિ પેદા થાય તેને 'ગરમ પ્રવાહ' અથવા 'હોટ સ્ટ્રીમ' કહે છે. એટલાન્ટિક સમુદ્રમાં વહેતો ગલ્ફ સ્ટ્રીમ એ આવો ગરમ પ્રવાહ છે.

સો વાતની એક વાત આ છેઃ ગ્લોબલ વોર્મિંગના મુદ્દે માણસજાત હજુય ગંભીર થઈ નથી. એના ભેજામાં ગ્લોબલ વોર્નિંગની ભયાનકતા ઉતરી જ નથી. પ્રદૂષણ પેદાં કરવામાં એણે કોઈ બ્રેક મારી નથી. પર્યાવરણને જે નુક્સાન થવાનું હતું તે તો થઈ ચૂક્યું છે, પણ હવે વધારે હાનિ ન પહોંચે તેના પ્રયાસો કરવાના છે. આ પ્રયત્નોમાં પણ કોઈ નિષ્ઠા દેખાતી નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે સંમેલનો થાય છે, દુનિયાભરના દેશો તેમાં ભાગ લે છે, પણ નક્કર પરિણામ મળતું નથી. હજુય આમજનતાને લાગે છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે થનારી તબાહી તો બહુ દૂરના ભવિષ્યની વાત છે. આપણે આ જીવનમાં ક્યાં એ કંઈ ભોગવવાનું છે? જે સૌનું થશે તે મારૂં થશે. ભવિષ્યની પેઢીઓ માટે માણસજાતને જાણે કે કશી ચિંતા જ નથી. આપણે કેવી પૃથ્વી આપણાં સંતાનોને વારસામાં આપતા જવાના છીએ?

# રશિયન રાષ્ટ્રપતિ પુતિનની 'ડાર્ક મેથડ્સ' 23 વર્ષમાં એલેક્સેઈ સહિત 10 વિરોધીનો શિકાર

## વિચાર મંથન

**રશિયામાં** આવતા મહિને પ્રમુખપદની ચૂંટણીની યોજાવાની છે અને ૧૫ માર્ચથી ૧૭ માર્ચ દરમિયાન મતદાન થવાનું છે. પ્રમુખપદની ચૂંટણીમાં વ્લાદિમિર પુતિન સામે કોઈ પડકાર જ નથી તેથી રશિયાના પ્રમુખપદે વ્લાદીમીર પુતિનની ફરી વરણી નક્કી મનાય છે ત્યારે જ પુતિનના સૌથી મોટા વિરોધી મનાતા એલેક્સેઈ નાવાલનીનું રહસ્યમય રીતે મોત થઈ ગયું છે.

પુતિનના ઈશારે એલેક્સેઈન ભ્રષ્ટાચારના કેસમાં ૧૯ વર્ષની જેલની સજા થઈ હતી. એલેક્સેઈને 'પેનલ કોલોની'માં રખાયો હતો પણ લગભગ ચારેક મહિના પહેલાં જેલમાં બંધ એલેક્સેઈ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા હતા. રશિયાના સત્તાધીશોએ એલેક્સેઈને બીજી જેલમાં ટ્રાન્સફર કર્યા હોવાનું જાહેર કરેલું પણ ક્યાં લઈ જવાયા છે એ કહ્યું નહોતું.

હવે અચાનક જ એલેક્સેઈનું આર્કટિસ સેલ પ્રિઝનમાં મોત થયાની જાણ એલેક્સેઈનાં માતાને કરી દેવાઈ. એલેક્સેઈનાં માતાને એલેક્સેઈનું મોત કઈ રીતે થયું એ વિશે કોઈ માહિતી અપાઈ નથી. એલેક્સેઈ 'સડન ડેથ સિન્ડ્રોમ'ને કારણે ગુજરી ગયા એવું કહી દેવાયું છે. એલેક્સેઈનાં માતાને મૃતદેહ પણ નથી સોંપાયો. રશિયાના સત્તાધીશોનું કહેવું છે કે, એલેક્સેઈના મોતની તપાસ પૂરી નહીં થાય ત્યાં સુધી મૃતદેહ નહીં સોંપવામાં આવે.

એલેક્સેઈના મોતે તેમના સમર્થકોને આઘાતમાં ગરકાવ કરી દીધા છે. એલેક્સેઈની પાર્ટીએ એલેક્સેઈની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ કર્યો છે. શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ જીતનારા દમિત્રી મુરાતોવે પણ એલેક્સેઈના મોતને હત્યા ગણાવી છે.

એલેક્સેઈના મોતેને કારણે પુતિનની પોતાના માટે પડકારરૂપ લાગે અને પોતાની પાસેથી સત્તા ખૂંચવી શકે એવાં લોકોને પતાવી દેવાની 'ડાર્ક મેથડ્સ' ફરી ચર્ચામાં છે. અમેરિકા અને પશ્ચિમનું મીડિયા તો પુતિનને દુનિયાના સૌથી ખતરનાક સરમુખત્યાર ગણાવીને થ્રી-ડી (ડેન્જરસ ડેમોક્રેટિક ડીક્ટેટર) તરીકે જ સંબોધે છે.

પુતિન છેલ્લાં ૨૩ વર્ષથી રશિયામાં એકચક્રી શાસન ચલાવી રહ્યા છે એ પાછળનું કારણ પુતિનની લોકપ્રિયતા



નથી પણ પોતાના રાજકીય હરીફોને એકદમ નિર્દયી બનીને પતાવી દેવાની 'ડાર્ક મેથડ્સ' છે એવું પશ્ચિમનું મીડિયા કહી રહ્યું છે. પુતિનના માણસો પુતિનના હરીફોને જીવલેણ ઝેર આપીને કે બીજી રીતે ખતમ કરી નાંખે છે.

આ વાત સાવ ખોટી પણ નથી. પુતિન રશિયામાં ૨૦૦૦ની સાલથી એકચક્રી સત્તા ભોગવી રહ્યા છે. આ દરમિયાન પુતિનની સત્તાને પડકારીને તેમને દૂર કરી શકે એવા લોકોનાં રહસ્યમય રીતે મોત થયાં છે કે પછી તેમને જેલમાં ધકેલી દેવાયા છે.

પુતિને પોતાના વિરોધીઓને ખતમ કરી નાંખવાની શરૂઆત ૨૦૦૩ના એપ્રિલમાં પુતિનની વિરોધી લિબરલ રશિયા પાર્ટીના નેતા સર્ગેઈ યુશેનકોવની હત્યાથી કરાવેલી. યુશેવકોવને તેમના ઘર સામે જ ગોળી મારીને પતાવી દેવાયા ત્યારથી આ સિલસિલો શરૂ થયો ને એલેક્સેઈ દસમી એવી વ્યક્તિ છે કે જેણે પુતિન સામે પડવાની કિંમત પોતાના મોત સાથે ચૂકવી છે.

આ દસ નામ એવાં છે કે જે પુતિન માટે કોઈ ને કોઈ રીતે ખતરો સાબિત થઈ શકે તેમ હતા. કોઈને રશિયામાં ભારે લોકપ્રિયતા મળી હતી. ન્યાયી અને મુક્ત ચૂંટણી કરાઈ હોત તો આ લોકો પુતિનને હરાવીને ઘરભેગા કરી શકે તેમ હતા પણ પુતિને તેમને પોતાની સામે મેદાનમાં જ ના ઉતરવા દીધા. કોઈ એવા હતા કે જે પુતિનના પાપોમાં ભાગીદાર હતા પણ પછી વિરોધી બની ગયા, કોઈ એવા હતા કે જે પુતિનનાં રહસ્યો જાણતા હતા. પુતિને આ બધાનાં બોર્ડ સિફતથી પતાવી દીધાં.

પુતિને પોતાના વિરોધીઓને ઝેર કે રેડિયોએક્ટિવ તત્વો દ્વારા મારી નાંખવાની 'ડાર્ક મેથડ્સ' માટે જાણીતા છે. તેનો સૌથી પહેલો જાણીતો પ્રયોગ એલેક્ઝાન્ડર લિત્વિનેન્કો પર કરેલો. રશિયાની જાસૂસી સંસ્થા એફએસબીમા કામ કરતો એલેક્ઝાન્ડર પુતિનનો ખાસ માણસ હતો પણ પુતિનની સત્તા માટે ગમે તે હદે જવાની લાલસાથી હબકીને લંડન ભાગી ગયેલો. પુતિનના માણસોએ તેને શોધી કાઢયો અને તેની ચામાં રેડિયોએક્ટિવ એલીમેન્ટ પોલોનિયમ-૨૧૦ ભેળવી દીધાં. આ ઝેરે એલેક્ઝાન્ડરને રોજ તરફડવું પડે એવું ધીમું મોત આપ્યું. ત્રણ અઠવાડિયાં લગી તરફડીને અંતે એલેક્ઝાન્ડર ગુજરી ગયો.

એલેક્ઝાન્ડરના મોત સામે રશિયન માનવાધિકારવાદી પત્રકાર અન્ના પોલિત્કોવ્સ્કાયાએ સવાલ ઉઠાવેલા. ૪૮ વર્ષની અન્નાએ આ મોતની તપાસ પોતાની રીતે શરૂ કરી તેના થોડા દિવસો પછી ૨૦૦૬ના ઓક્ટોબરમાં તેના ફ્લેટની લિફ્ટમાં તેની હત્યા કરી દેવાયેલી. ૨૦૦૯માં પુતિનના ઈશારે ચેચન્યામાં લો પર ગુજારાયેલા અત્યાચારોનું રીપોર્ટિંગ કરવા ગયેલી નતાલ્યા એસ્તેમિરોવાની ચેચન્યાની રાજધાની ગ્રોન્ઝીમાં અપહરણ કર્યા પછી હત્યા કરી દેવાયેલી.

૨૦૦૯ના નવેમ્બરમાં પુતિન સામે અવાજ ઉઠાવનારા સર્ગેઈ મેગ્નિત્સ્કીની જેલમાં હત્યા કરી દેવાયેલી. ૨૦૧૩માં ક્રેમલિનમાં કામ કરી ચૂકેલા અને પુતિનના વિરોધી બની ગયેલા બોરિસ બેરેઝોવ્સ્કીની લાશ ઘરના બાથરૂમમાંથી મળેલી. પુતિનના બીજા ત્રણ વિરોધી બદરી પાતારકાત્સીશ્વિલી, નિકોલાઈ ગ્લુશકોવ અને યુરી ગોલુબેવની પણ આ જ સ્ટાઈલમાં હત્યા થઈ ગયેલી.

એલેક્સેઈ પહેલાં પુતિને વેગનર પ્રાઈવેટ મિલિટરી કંપનીના યેવગેની પ્રિગોઝિનને ગયા વરસના ઓગસ્ટમાં પતાવી દીધેલા. જૂનમાં પુતિન સામે યેવગેની પ્રિગોઝિને બગાવત કરેલી. પ્રિગોઝિનને રશિયામાં સત્તાશીશ બનવાના અભરખા જાગેલા તેથી પોતાની આર્મી લઈને રશિયામાં ઘૂસી ગયેલો. પુતિને એ વખતે તો તેને સમજાવીને પાછો વાળી દીધો પણ બે મહિના પછી જ પ્રિગોઝિન અને વેગનર આર્મીના સહ-સ્થાપક દમિત્રી ઉટકીનને લઈને જતું પ્લેન ઉડાવી દઈને તેને પતાવી દીધો. ૨૦૨૨માં યુક્રેન પર આક્રમણની ટીકા કરનારા રેવિલ મેગાનોવ હોસ્પિટલની છઠ્ઠા માળની બારીમાંથી પડી જતાં મોતને ભેટ્યા હતા.

## દંડની રકમ પર લાખો ડોલરનું વ્યાજ પણ ચૂકવવું પડશે


# ફ્રોડ કેસ - ટ્રમ્પને 29,000 કરોડનો ભારે ભરખમ દંડ



અનંત
સંદીપ હીરપરા

**અમેરિકાના** પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલી વધી છે. ટ્રમ્પ વિરુદ્ધ સિવિલ ફ્રોડ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ન્યૂયોર્કની એક કોર્ટે પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર મોટો દંડ ફટકાર્યો છે. કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પ અને ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન વિરુદ્ધ કાર્યવાહી કરીને 355 મિલિયન અમેરિકન ડૉલરનો દંડ ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટના આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે દંડની રકમ પર લાખો ડોલરનું વ્યાજ પણ ચૂકવવું પડશે. અને કોર્ટે ટ્રમ્પને ન્યૂયોર્ક કોર્પોરેશનમાં અધિકારી કે ડિરેક્ટર તરીકે કામ કરવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. કોર્ટે કહ્યું કે ટ્રમ્પ રાજ્યની અન્ય કોઈ કાનૂની સંસ્થાઓમાં ત્રણ વર્ષ સુધી કોઈ પણ પદ પર રહી શકશે નહીં તેમજ કોઈપણ રજિસ્ટર્ડ કંપની માટે કોઈપણ નાણાકીય સંસ્થા પાસેથી લોન માટે અરજી કરી શકશે નહીં. કોર્ટે પોતાના નિર્ણયમાં છે કે ડોનાલ્ડ ટ્રમ્પે છેતરપિંડી કરી છે અને તેમની કંપનીઓની સંપત્તિના મૂલ્યમાં અતિશયોક્તિ કરી છે. મેનહટન કોર્ટના આ 90 પાનાના નિર્ણયને કારણે ડોનાલ્ડ ટ્રમ્પનું રિયલ એસ્ટેટ સામ્રાજ્ય જોખમમાં છે.

ટ્રમ્પ અને તેમના પુત્રો પર બેંકો અને વીમા કંપનીઓ સહિત અન્યો સાથે છેતરપિંડી કરીને વિશાળ રિયલ એસ્ટેટનું સામ્રાજ્ય બનાવવાનો આરોપ છે. આ ઉપરાંત ટ્રમ્પ અને તેમના પુત્રો પર તેમની સંપત્તિને નફો કરવવાનો આરોપ છે. જોકે, ટ્રમ્પ અને તેમના પુત્રોએ કોઈપણ પ્રકારની ગેરરીતિનો ઈન્કાર કર્યો છે. ટ્રમ્પે આ મામલાને પોતાની સાથે થયેલી છેતરપિંડી ગણાવી છે. ટ્રમ્પનું કહેવુ છેકે, અમે કોઈપણ પ્રકારની ગેરરિતી કરી નથી. જસ્ટિસ એનગોરેનનો ચુકાદો ટ્રમ્પ માટે પડતા પર પાટુ સમાન છે કેમ કે આ પહેલાં લેખિકા ઈ. જીન કેરોલને હવસનો શિકાર બનાવીને તેની સાથે પરાણે શરીર સંબંધ બાંધવાના કેસમાં ટ્રમ્પ દોષિત ઠરેલા. કેરોલની બદનક્ષી તથા રેપના કારણે સહેવા પડેલા માનસિક અત્યાચાર બદલ કોર્ટે ટ્રમ્પને કેરોલને ૮.૩૩ કરોડ ડોલર વળતર ચૂકવવા ફરમાન કર્યું છે. ટ્રમ્પ આટલી જંગી રકમ કઈ રીતે ચૂકવશે એ સવાલ હજુ પૂછાય જ છે ત્યાં હવે ૩૬ કરોડ ડોલરનો બીજો ફટકો ટ્રમ્પને પડી ગયો છે. ટ્રમ્પ પાસે ન્યુયોર્ક કોર્ટના ચુકાદાને ઉપલી અદાલતમાં પડકારવાનો વિકલ્પ છે. ટ્રમ્પને ફટકારાયેલા દંડને ઉપલી અદાલત રદ કરી દે એવી શક્યતા નહિવત છે કેમ કે ટ્રમ્પ સામે કોર્ટે ચુકાદો દસ્તાવેજી પુરાવાના આધારે અપાયો છે. અમેરિકામાં સામાન્ય રીતે કોઈ પણ કેસમાં જ્યુરી નિર્ણય લે છે પણ દસ્તાવેજી પુરાવા હોય ત્યાં જ્યુરીની જરૂર નથી પડતી. ટ્રમ્પ સામેનો કેસ પણ આ કારણે સીધો કોર્ટમાં ચાલ્યો હતો. આ પ્રકારના કેસમાં નીચલી અદાલતનો ચુકાદો બદલાય એવી શક્યતા પોઈન્ટ વન પર્સન્ટ પણ નથી હોતી. બહુ નસીબદાર હોય તો ચુકાદો બદલાય, બાકી જે છે એ સોનાનું એમ માનીને માથે ચડાવવાનું હોય.



## Gadgets ગુરૂ

### Nothing Phone 2a આવતા મહિને લોન્ચ થશે

યુકે સ્થિત કંપની Nothing ભારત સહિત વૈશ્વિક બજારોમાં 5 માર્ચે Nothing Phone 2a લોન્ચ કરશે. કંપનીએ તેની વેબસાઈટ અને સોશિયલ મીડિયા પર સ્માર્ટફોનને ટીઝ કરીને લોન્ચ તારીખ વિશે માહિતી આપી છે. આ સ્માર્ટફોન નથિંગ ફોન 2 કરતા સસ્તો હશે. જો મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, કંપની 30,000 રૂપિયાની શરૂઆતની કિંમતે Nothing Phone 2a લોન્ચ કરી શકે છે.

- 120Hz રિફ્રેશ રેટ
- 6.7-ઈંચ FHD+ OLED ડિસ્પ્લે
- સેલ્ફી કેમેરા માટે પંચ-હોલ કટઆઉટ
- MediaTek ડાયમેન્શન 7200 પ્રોસેસર
- નથિંગ ઓએસ 2.5 કસ્ટમ સ્કીન
- 50 MP ફ્રન્ટ કેમેરા 50 MP અલ્ટ્રા એંગલ કેમેરા

## સાત સમંદર પાર આવતાં ભારતીયોની થઈ રહી છે હત્યા...

# નવ ભારતીયોનાં મોત બાદ હવે જગત જમાદાર અમેરિકા અચાનક જાગ્યું

### અમેરિકામાં મોટેલ ચલાવતા પ્રવીણ પટેલની ગોળી મારીને હત્યા કરાઈ


### અમેરિકાએ હુમલાની નિંદા કરી, કહ્યું- 'આવી હિંસા દેશમાં સ્વીકાર્ય નથી'

**વોશિંગ્ટન:અમેરિકામાં ભારતીયોના મોતની ઘટનાઓ વધી છે. આ હુમલાઓ પર વ્હાઈટ હાઉસે કહ્યું કે અમેરિકામાં જાતિ, લિંગ અથવા અન્ય કોઈ આધાર પર હિંસા સ્વીકાર્ય નથી. વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જ્હોન કિર્બીએ કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન અને તેમનું વહીવટીતંત્ર આ હુમલાઓને રોકવા માટે પુરા પ્રયાસો કરી રહ્યા છે. ખરેખરમાં, જોન કિર્બીને ભારતીય વિદ્યાર્થીઓ પરના હુમલાઓ અને તેમના બાળકોને અમેરિકા મોકલવા અંગે માતા-પિતાની ચિંતા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આના જવાબમાં તેણે કહ્યું - ચોક્કસપણે જાતિ, લિંગ, ધર્મ અથવા હિંસા માટે કોઈપણ પ્રકારનું બહાનું અમેરિકામાં બિલકુલ સ્વીકાર્ય નથી...**

**ભારતીયોના મૃત્યુ અને તેમના પરના હુમલાઓ પર એક નજર...** છેલ્લા એક મહિનામા6 ભારતીય વિદ્યાર્થીઓ અને 3 ભારતીય મૂળના લોકોના મોત કે હત્યા થઈ છે. જેના કારણે ભારતમાં રહેતા વાલીઓના ચિંતામાં વધારો થયો છે. અન્ય એક ભારતીય વિદ્યાર્થી પર પણ હુમલો થયો હતો.



1 **15 ફેબ્રુઆરી 2024:** અમેરિકાના અલબામામાં એક ગુજરાતી મૂળના હોટલ માલિકની ગ્રાહક દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી. બંને વચ્ચે રૂમને લઈને ઝઘડો થયો હતો. શેફિલ્ડમાં હિલક્રેસ્ટ હોટલના માલિક પ્રવીણ રાવજીભાઈ પટેલ (76)ની ગયા અઠવાડિયે હત્યા કરવામાં આવી હતી. શેફિલ્ડ પોલીસ ચીફ રિકી ટેરીએ જણાવ્યું હતું કે હત્યાના આરોપમાં 34 વર્ષના વિલિયમ જેરેમી મૂરની ધરપકડ કરવામાં આવી છે. મૂર હોટલમાં રૂમ ભાડે લેવા આવ્યો હતો અને તે દરમિયાન તેનો પટેલ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ મૂરે પટેલને ગોળી મારી દીધી હતી.



2 **ફેબ્રુઆરી 2024:** શિકાગોમાં એક ભારતીય વિદ્યાર્થી પર હુમલો થયો. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં 3 હુમલાખોરો વિદ્યાર્થીનો પીછો કરતા જોવા મળ્યા હતા. આ પછી ત્રણેય તેને માર માર્યો અને ફોન છીનવીને ભાગી ગયા. વિદ્યાર્થી લોહીથી લથબથ થઈ ગયો હતો. ઘટના બાદ કેટલાક લોકો સૈયદ મઝાહિર અલી (વિદ્યાર્થી)ની મદદ માટે આવ્યા હતા. મઝાહિરે તેમને કહ્યું- 'હું ખાવાનું લેવા ઘરેથી નીકળ્યો હતો. મેં ખાવાનું ખરીદ્યું અને ઘરે પાછો જઆ રહ્યો હતો. ત્યારબાદ ત્રણ લોકો આવ્યા અને મારો પીછો કરવા લાગ્યા. તેમણે મારા પર હુમલો કર્યો. જ્યારે લોકો એકઠા થવા લાગ્યા ત્યારે તેઓ મારો ફોન છીનવીને ભાગી ગયા.



3 **ફેબ્રુઆરી, 2024:** સમીર કામથ નામના ભારતીય-અમેરિકન વિદ્યાર્થીનો મૃતદેહ ઈન્ડિયાના રાજ્યના એક પાર્કમાંથી મળી આવ્યો હતો. તેણે માસ્ટર્સ પૂર્ણ કર્યું હતું અને પીએચડી કરી રહ્યો હતો. તેમની પાસે ભારતની સાથે અમેરિકાની નાગરિકતા હતી.



4 **2 ફેબ્રુઆરી 2024:** ભારતીય વિદ્યાર્થી શ્રેયસનું ઓહાયોમાં મોત થયું હતું. મૃત્યુનું કારણ બહાર આવી શક્યું નથી. શ્રેયસના મૃત્યુ અંગે માહિતી આપતાં ન્યૂયોર્કમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું હતું કે - શ્રેયસ રેડ્ડી બેનિગર બિઝનેસનો અભ્યાસ કરી રહ્યો હતો. તેમના મૃત્યુના સમાચારથી દુ:ખ થયું. આ મામલે પોલીસ તપાસ ચાલી રહી છે.



5 **7 ફેબ્રુઆરી 2024:** અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં ભારતીય મૂળના એક વ્યક્તિનું મોત થયું. 41 વર્ષીય વિવેક તનેજા એક રેસ્ટોરન્ટની બહાર બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત થયું હતું. પોલીસે કહ્યું- 2 ફેબ્રુઆરીએ વિવેકની રેસ્ટોરન્ટની બહાર એક વ્યક્તિ સાથે ઝઘડો થયો હતો. બંને વચ્ચે ઝઘડો થયો. અમે ત્યાં પહોંચ્યા તો વિવેક બેભાન હાલતમાં જોવા મળ્યો. જમીન પર પટકાતાં તેને માથામાં ઈજા થઈ હતી. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. અહીં 5 દિવસ પછી 7 ફેબ્રુઆરીએ તેનું મોત થયું.



6 **20 જાન્યુઆરી, 2024:** અકુલ ધવનનો મૃતદેહ યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બના-શેમ્પેનની બહાર મળ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર તેનું મોત ઠંડી લાગવાના કારણે થયું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અકુલના મૃત્યુનું કારણ હાઈપોથર્મિયા હતું. આ એવી સ્થિતિ છે જેમાં શરીરનું તાપમાન સામાન્ય કરતા ઘણું ઓછું થઈ જાય છે. અકુલ ધવન ગુમ થયાના સમાચાર હતા. આ પછી ધવનના માતા-પિતાએ યુનિવર્સિટી પર બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.



7 **16 જાન્યુઆરી 2024:** અમેરિકન રાજ્ય જ્યોર્જિયામાં ભારતીય વિદ્યાર્થી વિવેક સૈનીની હત્યા કરવામાં આવી. ફોક્સ ન્યૂઝ અનુસાર, 25 વર્ષીય વિદ્યાર્થી વિવેકના માથા પર એક વ્યક્તિએ હથોડીથી 50 ઘા માર્યા હતા. વિવેક ફૂડ માર્ટમાં કામ કરતો હતો. એ સ્ટોરની બહાર એક ઘરવિહોણો માણસ આવતો હતો. વિવેક અને સ્ટોરના અન્ય કર્મચારીઓએ તે વ્યક્તિને રહેવા માટે જગ્યા આપી હતી. તે અહીં રહેતો હતો, પરંતુ 16 જાન્યુઆરીએ જ્યારે વિવેકે તેને જગ્યા ખાલી કરવા કહ્યું ત્યારે તેણે ગુસ્સામાં આવીને વિવેકની હત્યા કરી નાખી. પોલીસે રવિવારે આરોપીની ધરપકડ કરી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.



8 **જાન્યુઆરી 28, 2024:** ઈન્ડિયાના રાજ્યમાં ભારતીય વિદ્યાર્થી નીલ આચાર્યની હત્યા થઈ. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને 28 જાન્યુઆરીના રોજ સવારે 11:30 વાગ્યે પરડ્યુ યુનિવર્સિટી કેમ્પસમાં એક મૃતદેહ હોવાનો અહેવાલ મળ્યો હતો. આ પછી પોલીસે નીલના મૃત્યુની પુષ્ટિ કરી. તે 12 કલાકથી ગુમ હતો. તેની માતા ગૌરી આચાર્યએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. તેમના મૃત્યુનું કારણ પણ બહાર આવ્યું નથી.

### જહાનવી કમડુલાનું અકસ્માતમાં મોત

24 જાન્યુઆરી, 2023ના રોજ, પોલીસ પેટ્રોલિંગ કારે ટક્કર મારતા જ્હાન્વી કમડુલાનું મોત થયું હતું. આ પછી અકસ્માતની તપાસ કરવા આવેલા પોલીસ અધિકારી ડેનિયલ ઓર્ડરરે તેના મોતની હસતા- હસતા મજાક ઉડાવી હતી. ઘટનાની તપાસ કરવા આવેલા પોલીસ અધિકારીની કારનો વીડિયો અને ઓડિયો સામે આવ્યો હતો. આમાં તેઓ કહેતા હતા કે ભારતીય વિદ્યાર્થીના જીવનની લીમિટેડ વેલ્યુ હતી. એક ચેક લખી આપવાથી કામ થઈ જશે.

**ભારતીયોના મોતથી વાલીઓમાં ભારે ચિંતા** ભારતમાંથી હજારો વિદ્યાર્થીઓ દર વર્ષે અભ્યાસ માટે કે વર્ક પરમિટ પર અમેરિકા આવવાનું પસંદ કરે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓના મોતની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. જેના કારણે પરિવારના લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. હવે તેઓ પોતાના જીગરના ટુકડાને વિદેશ મોકલતાં પહેલાં વિચાર કરી રહ્યા છે. હાલમાં અમેરિકાની સરકારે ભારતીયોના મોત વિશે ચિંતા કરી છે પરંતુ આ મામલે સરકારે ચોક્કસ કંઈક વિચારવાની જરૂર છે. નહીં તો અમેરિકામાં આવતાં ભારતીય વિદ્યાર્થીઓ અને લોકોની સંખ્યામાં ઘટાડો થઈ શકે છે. ત્યારે આ અંગે સરકારે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. અને ભારતીયોની સુરક્ષા કરવી પડશે.

## સમગ્ર અમેરિકાના જંગલોમાં રહેલા હરણમાં ફેલાઈ રહ્યો છે નવો રોગ

# અમેરિકામાં ઝોમ્બી ડીયર ડિસીઝે હાહાકાર મચાવ્યો, અમેરિકા હવે શું પગલાં લેશે?

### કોરોનાથી લાખો લોકોના મોતથી ધ્રૂજી ઉઠેલા અમેરિકામાં ચેતવણી જાહેર

■ વિસ્કોન્સિન

એક ભયંકર રોગ હાલમાં ઉત્તર અમેરિકામાં હરણ પર તબાહી મચાવી રહ્યો છે. જો કે તેનું નામ ક્રોનિક વેસ્ટિંગ ડિસીઝ (CWD) છે, પરંતુ લોકો તેને ઝોમ્બી ડીયર ડિસીઝ કહી રહ્યા છે. તે હરણની વસ્તીમાં ખૂબ જ શાંતિથી અને ઝડપથી ફેલાઈ રહ્યું છે. વૈજ્ઞાનિકો ચિંતિત છે કે આ રોગ કોઈક રીતે મનુષ્યોમાં ફેલાઈ શકે છે. આ રોગમાં ન્યુરોલોજીકલ સમસ્યાઓ થાય છે. આમાં હરણ નશામાં ધૂત દેખાય છે. આળસુ રહે છે. ધ્રૂજતું દેખાય છે. ખાલી જગ્યાઓ જોતી રહે છે. અત્યાર સુધીમાં, આ રોગ એકલા વ્યોમિંગમાં 800 થી વધુ હરણ, એલ્ક અને મૂઝમાં જોવા મળ્યો છે. CWD એટલે કે ઝોમ્બી ડીયર ડિસીઝના ફેલાવા માટે પ્રિઓન્સને સંપૂર્ણપણે જવાબદાર ગણી શકાય. હાલમાં, વૈજ્ઞાનિકો આને રોગ ફેલાવવાનું કારણ માની રહ્યા છે. પ્રિઓન્સ વાસ્તવમાં ખોટી રીતે ફોલ્ડ થયેલ પ્રોટીન છે, જે મગજમાં હાજર સામાન્ય પ્રોટીનને ખોટી રીતે ફોલ્ડ કરવા દબાણ કરે છે. પ્રિઓન્સને લીધે, શરીરમાં કોઈ રોગપ્રતિકારક પ્રતિક્રિયા ઉત્પન્ન થતી નથી. તેથી તેનું નિદાન કરવું મુશ્કેલ છે.



**આ રોગમાં મગજ મંદ પડી જાય છે અને તેનો વિકાસ અટકી જાય છે**

આ કારણે ન્યુરોલોજીકલ ડિજનરેશન થાય છે. એટલે કે મગજનો વિકાસ અટકી જાય છે. મન નિસ્તેજ થવા લાગે છે. વસ્તુઓ સમજવાની ક્ષમતા લુપ્ત થવા લાગે છે. પ્રિઓન્સ દ્વારા થતા રોગોની સમસ્યા એ છે કે તેઓ પર્યાવરણમાં સદીઓ સુધી ટકી શકે છે. તક જોઈને તેઓ ફેલાવા લાગે છે.

**હાલમાં આ રોગને કોઈપણ રીતે દૂર કરવો મુશ્કેલ છે**

આ રોગોની એક સમસ્યા એ છે કે ફોર્માલ્ડીહાઈડ, રેડિયેશન અથવા અત્યંત ઊંચું કે નીચું તાપમાન પણ તેમને દૂર કરી શકશે નહીં. CWD ના ફેલાવાથી સૌથી મોટો ખતરો મનુષ્યો અને પર્યાવરણ બંને માટે છે. હાલમાં કોઈ સીધો પુરાવો નથી કે આ રોગ માણસોને સીધો ચેપ લગાવી શકે છે કે નહીં.

**સીધા ચેપનું જોખમ નથી** હજુ સુધી મનુષ્યોમાં CWD ના કોઈ લક્ષણો જોવા મળ્યા નથી, ન તો કોઈ કેસ નોંધાયો છે. પરંતુ કેટલાક કારણો હોઈ શકે છે જેના કારણે આ રોગ મનુષ્યોમાં ફેલાય છે. પહેલું કારણ- પ્રયોગશાળામાં એવું જોવામાં આવ્યું છે કે પ્રાયન્સમાં મનુષ્યોને ચેપ લગાડવાની ક્ષમતા હોય છે.

### વિસ્કોન્સિનમાં હરણનું માંસ ખાવા પર પ્રતિબંધ

વર્ષ 2017માં, માનવીએ 7 હજારથી 15 હજાર CWD સંક્રમિત જીવો ખાધા હતા. જંગલમાં આવા જીવોનો શિકાર કરીને ખાવાની લાલચ દર વર્ષે 20 ટકાના દરે વધી રહી છે. વિસ્કોન્સિનમાં CWDના સૌથી વધુ કેસ નોંધાયા હતા. અહીં હજારો લોકોએ ચેપગ્રસ્ત હરણનું માંસ ખાધું છે. જ્યારે તેને આમ કરતા અટકાવવામાં આવ્યો હતો.

# મતદારોની આંખો ખોલતો સરવે...

### ઈતિહાસના સૌથી ખરાબ પ્રમુખની યાદીમાં ટ્રમ્પ-બાઈડેનનો સમાવેશ | દેશના નિષ્ણાતોની એક પેનલ દ્વારા 154 વિદ્વાનોનો સરવે હાથ ધરાયો

**વોશિંગ્ટન: અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે જેને હવે ગણતરીના જ મહિનાઓ બાકી છે ત્યારે હવે એક ચોંકાવનારો સરવે બહાર આવ્યો છે જેમાં અમેરિકાના તમામ 45 પ્રમુખોમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને સૌથી ખરાબ ગણાવવામાં આવ્યા છે. આ યાદીમાં વર્તમાન પ્રમુખ બાઈડનને 14મું સ્થાન આપવામાં આવ્યું છે. અમેરિકામાં આ વર્ષે 5મી નવેમ્બરે યોજાનારી ચૂંટણી બાદ નક્કી થશે કે વિશ્વના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ કોણ બનશે.**

**નિષ્ણાતોની એક પેનલ દ્વારા સરવે હાથ ધરાયો** આ વચ્ચે અમેરિકામાં પ્રેસિડેન્ટ ડેના એક દિવસ પહેલા પ્રેસિડેન્શિયલ ગ્રેટનેસ પ્રોજેક્ટ એક્સપર્ટ સરવેમાં અમેરિકન નેતાઓની યાદી બહાર પાડવામાં આવી છે. 15 નવેમ્બરથી 31 ડિસેમ્બર દરમિયાન કરવામાં આવેલા આ સરવે અનુસાર, પૂર્વ અમિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને યાદીમાં સૌથી નીચે રાખવામાં આવ્યા છે



જ્યારે અમેરિકાના વર્તમાન પ્રમુખ જો બાઈડનને 14મું સ્થાન આપવામાં આવ્યું છે. યુનિવર્સિટી ઓફ કોસ્ટલ કેરોલિનાના વોન અને યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટનના રોટીંગહોસે 154 વિદ્વાનોનો સરવે કર્યો હતો, જેમાં અમેરિકન પોલિટિકલ સાયન્સ એસોસિએશનના અધ્યક્ષો અને એક્ઝિક્યુટિવ પોલિટિક્સ વિભાગના વર્તમાન અને તાજેતરના સભ્યોનો સમાવેશ થાય છે. આ નિષ્ણાતોએ લોકોને સમજાવ્યું હતું કે તેમનું લક્ષય શ્રેષ્ઠ પ્રમુખ કોણ છે તે જાણવાનું છે. આ સરવેમાં અમેરિકાના અત્યાર સુધી રહી ચૂકેલા તમામ 45 પ્રમુખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, વર્ષ 2015 અને 2018માં પણ આવો જ એક સરવે કરવામાં આવ્યો હતો. આ સરવેમાં લોકોને દરેક રાષ્ટ્રપતિને 0 થી 100 સુધી રેટ કરવા કહ્યું હતું. આ વર્ષના સરવેમાં ટોચના સ્થાનમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી.

## NEWS FILE

### અમેરિકા પણ વિનાશ તરફ આગળ વધી રહ્યુ છે: ટ્રમ્પ



વોશિંગ્ટનઃ રશિયન રાષ્ટ્રપતિ પુતિનના કટ્ટર રાજકીય વિરોધી એલેક્સી નવલનીનુ તાજેતરમાં જ રશિયાની જેલમાં રહસ્યમય સંજોગોમાં મોત થયા બાદ અમેરિકામાં પણ તેને લઈને પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને હવે યોજાનારી ચૂંટણીમાં ફરી ઝુકાવવા માટે તૈયારી કરી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે આ મામલા પર પોતાનુ મૌન તોડ્યુ છે. જોકે તેમણે પોતાના નિવેદનમાં ક્યાંય પુતિનનુ નામ લીધુ નથી અને પુતિનની સીધા શબ્દોમાં નવલનીના મોત બદલ નિંદા પણ કરી નથી. જોકે તેમણે નવલનીના મોતની સરખામણી પોતાના પર થઈ રહેલા રાજકીય અત્યાચાર સાથે કરી છે.

### અમદાવાદમાં ભણેલાને Appleમાં મોટો હોદ્દો, એપલના ઓડિયો ડિપાર્ટમેન્ટના બોસ!

ન્યૂયોર્કઃ ટેક જાયન્ટ એપલમાં ગુજરાતી મૂળના રુચિર દવે એકોસ્ટિક્સ ડિવિઝનના વાઈસ પ્રેસિડેન્ટનું પદ સંભાળવા



જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે એપલની હાર્ડવેર ટીમમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે જેમાં રુચિર દવે ટૂંક સમયમાં જ ગેરી ગીઝનું સ્થાન લેશે. મીડિયા રિપોર્ટ્સના અનુસાર ગુજરાતમાં ભણેલા રુચિર દવે હવે એપલમાં મોટી જવાબદારી નિભાવવા જઈ રહ્યા છે અને તેઓ ગેરી ગીઝનું સ્થાન લેશે. રુચિર દવે લગભગ 14 વર્ષથી એપલ કંપનીમાં સેવા આપી રહ્યા છે. તેઓ વર્ષ 2009માં આ કંપની સાથે જોડાયા હતા. અહીં તે એકોસ્ટિક્સ એન્જિનિયર ટીમને કમાન્ડ કરતા હતા. આ પછી, તેમને વર્ષ 2012માં મેનેજર લેવલ પર બઢતી આપવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ 2021માં તેમને સિનિયર ડાયરેક્ટરના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. રુચિર દવેએ એપલ પહેલા લગભગ 10 વર્ષ સુધી સિસ્કોમાં કામ કર્યું હતું.

**રુચિર દવેએ અમદાવાદમાં અભ્યાસ કર્યો હતો** નોંધનીય છે કે રુચિર દવેએ અમદાવાદના શારદા મંદિર શાળામાં 1982થી 1994 સુધી અભ્યાસ કર્યો હતો. આ પછી તેઓ 1998માં અમદાવાદની લાલભાઈ દલપતભાઈ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાંથી સ્નાતક થયા હતા. ત્યારબાદ તેઓ પેન સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ગયા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ જાહેરાત હાલ માટે ખાનગી રાખવામાં આવી છે. કંપનીએ આની સત્તાવાર જાહેરાત કરી નથી. ઉલ્લેખનીય છે કે એપલની હાર્ડવેર ટીમમાં લગભગ 300 કર્મચારીઓ કામ કરે છે અને કર્મચારીઓ કંપનીના હોમપોડ, એરપોડ્સ અને સ્પીકર્સ બિઝનેસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ટીમ સાઉન્ડ અને માઈક્રોફોન ટેક્નોલોજીને એડવાન્સ બનાવવા ઉપર તેમજ સ્પેશિયલ ઑડિયો જેવી સૉફ્ટવેર સુવિધાઓ પર પણ કામ કરે છે.

# અમેરિકાના ઉદ્યોગપતિ બોબ મૂરેનું નિધન « દુનિયા છોડતા પહેલા 700 કર્મીઓને કંપનીના માલિક બનાવી દીધા

### બોબ કી રે મિલ ઓર્ગેનિક ફૂડ પ્રોડક્ટ્સ માટે જાણીતી

■ વોશિંગ્ટન

અમેરિકામાં એક ઉદ્યોગપતિનુ 94 વર્ષે નિધન થયુ છે પણ આ દુનિયા છોડતા પહેલા તેમણે એક એવુ કામ કર્યુ છે કે, ચારે તરફ તેમના નામમની ચર્ચા છે. બોબ કી રે મિલ નામની કંપનીના સ્થાપક બોબ મૂરે પોતાની કંપનીની માલિકી કંપનીમાં કામ કરતા 700 કર્મચારીઓને સોંપી દીધી છે. આ કંપની ઓર્ગેનિક ફૂડ પ્રોડક્ટસ બનાવવા માટે જાણીતી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે બોબ મૂરે પોતાની કંપનીને વેચવાની જગ્યાએ કંપનીના જ 700 કર્મચારીઓને તેની માલિકી આપી દીધી હતી. 2010માં તેમણે કંપનીના માલિક તરીકે હટવાનો નિર્ણય લઈ લીધો હતો. પોતાના 81મા જન્મ દિવસે તેમણે કંપનીમાં તે સમયે કામ કરતા 209 કર્મચારીઓને કંપનીના શેરના માલિક બનાવવાનુ શરુ કર્યુ હતુ. 2020 સુધીમાં આ કંપનીમાં કામ કરનારા કર્મચારીઓની સંખ્યા વધીને 700 થઈ ગઈ હતી. અમે દુનિયાભરના લોકોને ઓર્ગેનિક પ્રોડક્ટસ પૂરી પાડીને બોબના વારસાને આગળ વધારવા માટે પ્રતિબધ્ધ છે.



### બોબ મૂરે 49 વર્ષની વયે કંપનીની કરી હતી સ્થાપના

મૂરનુ કહેવુ હતુ કે, માલિક પોતાના કર્મચારીઓથી વધારે પોતાના લાભ માટે વિચારતા હોય છે તેવી વણલખી પરંપરાનો મારે ભંગ કરવો હતો. 70 વર્ષ પહેલા મને શીખવા મળ્યુ હતુ કે, સફળ થવા માટે મહેનત અને દયાળુ સ્વભાવ બહુ જરુરી હોય છે. જેમ જેમ મારા બિઝનેસનો ફેલાવો વધતો ગયો તેમ તેમ મને અહેસાસ થતો ગયો હતો કે, ઉદાર બનવા માટે ઈશ્વરે મને તક આપી છે. બાઈબલમાં કહ્યુ છે કે, તમે બીજા લોકો પાસે જે પ્રકારના વર્તાવની અપેક્ષા રાખો છો તે જ પ્રકારનો વર્તાવ તમારે પણ બીજા સાથે કરવો જોઈએ. મને લાગે છે કે, જીવવા માટે આ જ મંત્ર ઉપયુક્ત છે. બોબ મૂરે આ કંપનીની સ્થાપના કરી ત્યારે તેમની વય 49 વર્ષ હતી. આ પહેલા તેઓ એક ગેસ સ્ટેશન ચલાવતા હતા. 2018 સુધીમાં તેમની કંપનીની આવક 100 મિલિયન ડોલર કરતા વધારે હોવાનુ અનુમાન હતુ. કંપનીની પ્રોડકટસ 70 થી વધારે દેશોમાં વેચાય છે.

## આણંદમાં આવેલી-અમૂલ દુનિયાની 8મી સૌથી મોટી ડેરી

## PM મોદીની ગુજરાત પ્રવાસમાં લોકોને હાંકલ

# આપણે એક નંબર પર લઈ જવાની આપણી જવાબદારી

### પશુપાલકો માટે 30 હજાર કરોડનું એક અલગ ફંડ બનાવ્યું

■ અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 22 ફેબ્રુઆરીએ ગુજરાતની મુલાકાતે આવ્યા. જેમાં સવારે 10:20 વાગ્યે અમદાવાદ એરપોર્ટ ઉપર પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અમદાવાદના મેયર પ્રતિભા જૈન દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અમૂલ ફેડરેશનના ગોલ્ડન જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં ઓપન જીપમાં પીએમ મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર. પાટીલ સાથે સવાર થઈ ખેડૂતો અને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. બાદમાં નરેન્દ્ર મોદીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, પશુપાલકો માટે 30 હજાર કરોડનું એક અલગ ફંડ બનાવ્યું છે. 10 લાખ કરોડ ટર્નઓવરવાળી ડેરી સેક્ટરની મોટી કર્તાધર્તા આપણી માતાઓ અને બહેનો છે. આ કાર્યક્રમને લઈને વહેલી સવારથી જ રાજ્યનાં વિવિધ શહેરો અને જિલ્લાઓમાંથી ખેડૂતો વડાપ્રધાનના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. સ્ટેડિયમની અંદર અને બહારના ભાગે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ લોકોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું.

**તમારે અમુલને વિશ્વમાં એક નંબર પર લઈ જવાની છે:** PM નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સરકારે 60 હજારથી વધુ અમૃત સરોવર બનાવ્યા છે. અમારો પ્રયાસ છે કે ગામડાના નાનામાં નાના ખેડૂતને આધુનિક ટેકનોલોજીથી જોડવામાં આવે. લાખો 'કિસાન સમૃદ્ધિ કેન્દ્ર' સ્થાપ્યા છે. અમારી સરકાર ખેડૂતોને સોલાર પંમ્પ આપી રહી છે. દેશમાં 10 હજાર ખેડૂત સંઘ છે.




### નમો ડ્રોન દીદી અભિયાનમાં મહિલાઓ ડ્રોન ઉડાવશે

PM મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, અમુલે સફળતા હાંસલ કરી છે એ મહિલાશક્તિને કારણે. ભારતના ડેરી સેક્ટરની સફળતા મહિલાઓ માટે મોટી પ્રેરણા છે. ભારતને વિકસિત બનાવવા માટે દરેક મહિલાની આર્થિક શક્તિ વધવી એટલી આવશ્યક છે. મહિલાની આર્થિક શક્તિ વધારવા માટે અમારી સરકારી ચારેબાજુ કામ કરી રહી છે. 4 કરોડ ઘર આપ્યા છે એમાં મોટાભાગના ઘરો મહિલાઓના નામે છે. તમે 'નમો ડ્રોન દીદી' અભિયાનનું નામ સાંભળ્યું હશે. આ અભિયાન હેઠળ ગામડાઓમાં 15 હજાર આધુનિક ડ્રોન મહિલાઓને દેવામાં આવી રહ્યા છે. જેની ટ્રેનિંગ મહિલાઓને આપવામાં આવી રહી છે.

### ડેરી સેક્ટરમાં મહિલાઓનો મોટો ફાળો

નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડામાં દૂધ ઉત્પાદકની શરૂઆત કરાઈ હતી. આજે દુનિયાના સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશોમાં ભારત પહેલા નંબરે છે. છેલ્લા 10 વર્ષમાં ભારતમાં દૂધ ઉત્પાદકમાં 60 ટકા વૃદ્ધિ કરી છે. દુનિયાના દેશોમાં ડેરી સેક્ટર માત્ર બે ટકાના દરથી આગળ વધે છે. જ્યારે ભારત 6 ટકા દરથી આગળ વધે છે. 10 લાખ કરોડ ટર્નઓવરવાળી ડેરી સેક્ટરની મોટી કર્તાધર્તા આપણી માતાઓ, બહેનો અને દીકરીઓ છે.

**અમૂલ એટલે વિશ્વાસ, વિકાસ, જનભાગીદારી** નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના ગામડાઓએ મળીને જે છોડ ઉગાડ્યો હતો આજે વિશાળ વટવૃક્ષ બની ગયો છે. આજે તેની શાખાઓ દેશ-વિદેશ સુધી ફેલાઈ ગઈ છે. GCMMFની સ્વર્ણિમ જયંતિની તમને ખૂબ ખૂબ શુભકામનાઓ. અમુલ એટલે વિશ્વાસ, વિકાસ, જનભાગીદારી, ખેડૂતોનું સશક્તિકરણ, આત્મનિર્ભર ભારતની પ્રેરણા, મોટા સંકલ્પો અને સિદ્ધિઓ. આજે દુનિયાના 50 દેશમાં અમુલની પ્રોડક્ટ નિકાસ થાય છે.

## NEWS FILE

### સી.આર.પાટીલની હાજરીમાં ધર્મેન્દ્રસિંહ વાઘેલાના કેસરિયા




વડોદરાઃ વાઘોડિયા વિધાનસભાના પુર્વ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા રાજીનામું આપ્યા બાદ વિધિવત ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. ભાજપમાં જોડાતા ધર્મેન્દ્રસિંહે મધુ શ્રીવાસ્તવ પર કટાક્ષ કરી કહ્યું હતું કે, એક પુર્વ ધારાસભ્ય છે જે પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનું નામ લીધા વિના તેઓ લગ્ને લગ્ને કુંવારા છે.તેવો કટાક્ષ વાઘેલાએ કર્યો હતો. સાથે જ લડવું હોય તો મેદાન ખુલ્લું છે. મને કાર્યકર્તાઓ અને સમર્થકો પર વિશ્વાસ છે. આ વખતે લોકસભાની સીટ 400ને પાર જશે. વાઘોડિયા વિધાનસભામાં કોંગ્રેસનો સફાયો થયો છે.

### બજેટમાં ગ્રીન શહેરની જાહેરાત ઓક્સિજન પાર્કની મંજૂરી નહીં

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના શાસકો દ્વારા વર્ષ 2024-25નું બજેટ ગ્રીન અમદાવાદ અને ક્લિન અમદાવાદ બનાવવા પર ભાર મૂકી આયોજન કર્યું છે પરંતુ, ભાજપના શાસકોની માત્ર જાહેરાતો જ હોય, નિર્ણયો શાસકો દ્વારા લેવામાં આવી રહ્યા છે. મિશન 3 મિલિયન ટ્રી અંતર્ગત વૃક્ષારોપણની વાતો વચ્ચે મ્યુનિ. રીક્રિએશન એન્ડ કલ્ચરલ કમિટી દ્વારા PPP ધોરણે શહેરમાં ઓક્સિજન પાર્ક અને અર્બન ફોરેસ્ટ બનાવવા તથા તેની જાળવણી માટે દરખાસ્ત કરનાર બે એનજીઓની દરખાસ્તને પરત કરી દીધી છે.

### વાહનના અભાવથી છાત્રોને 12 કિમી ચાલવા માટે મજબૂર



પાવી જેતપુરઃ પાવી જેતપુરના ભીખાપુરામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ પગપાળા ચાલવા મજબૂર બની ગયા છે. ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ન હોવાને કારણે વિદ્યાર્થીઓને 12 કિલોમીટર ચાલીને ભણવા જવાનો વારો આવ્યો છે. આની સીધી અસર વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પડી રહી છે. છોટાઉદેપુર જિલ્લો આદિવાસી જિલ્લો છે. જિલ્લાના બોર્ડનું પરિણામ છેલ્લા કેટલાક વર્ષોથી ખૂબ નબળું આવે છે. જેની પાછળ ઘણાં બધા પરિબળો કામ કરે છે. ત્યારે જિલ્લામાં શિક્ષણનું હબ ગણાતા ભીખાપુરા ખાતે અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓ 12-12 કિલોમીટર પગપાળા ચાલવા અથવા હકડેઠઠ ભીડમાં બેસીને જવું પડે છે.

## વડોદરા કોર્પોરેશન બ્રિજના પિલર નીચે સુંદરતા વધારશે

### ગ્રીન વોલ તૈયાર કરવાનો પ્લાન પણ બનાવવામાં આવ્યો છે

■ વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની સુંદરતામાં વધારો થાય તે માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાસ તો સુકાયેલા ઝાડ પર આકર્ષક રંગકામ, બ્રિજની સાઈડમાં ફૂટપાથ પર ફુલછોડના કુંડા, રાત્રે આકર્ષક લાઈટિંગ, વોલ પેઈન્ટિંગની સાથે સાથે હવે બ્રિજ નીચે પિલર પર વર્ટીકલ ગાર્ડન એટલે કે ગ્રીન વોલ પણ વિકસિત કરવા અભિગમ અપનાવાયો છે. જેમાં અટલ બ્રિજ નીચે એક ગ્રીન વોલ તૈયાર કરવામાં આવી છે. આ ગ્રીન વોલ 250 ચોરસ ફુટ વિસ્તારમાં છે. એટલે કે પિલરની ત્રણ બાજુએ 125 પ્લાન્ટર મૂકીને તેમાં આકર્ષક છોડ ઉછેરવામાં આવ્યા છે. આવા 500 છોડનો ઉછેર કરવામાં આવશે. જેમાં ક્રોટન મલ્ટી કલર, ડ્રેકેના મહાત્મા પિંકીસ, પેન્ડનસ એસપરેગસ જેવી પ્રજાતિના છોડ આકર્ષણ જમાવી રહ્યા છે.




# વિસનગરમાં વાળીનાથ ધામની PM મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા કરી

### ઠીક એક મહિના પહેલાં અયોધ્યામાં હતો: PM મોદી

■ મહેસાણા

અમદાવાદનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિસનગર તાલુકાના તરભ વાળીનાથ ધામ ખાતે પહોંચ્યા હતા, જ્યાં વાળીનાથ ધામ મહાદેવ મંદિરના સુવર્ણ શિખર મહોત્સવમાં ગુરુપુષ્ય અમૃતસિદ્ધિયોગમાં મહાશિવલિંગની પ્રાણપ્રતિષ્ઠા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવી હતી. મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કર્યા બાદ રૂ. 13000 કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. બાદમાં વડાપ્રધાને જાહેરસભા સંબોધતાં જણાવ્યું હતું કે આજે વાળીનાથમાં ઘણી જૂની યાદો તાજી થઈ છે. બળદેવગિરિ બાપુ જોડે મારે ગાઢ નાતો હતો. આજે એક સંયોગ પણ થયો છે. આજથી ઠીક એક મહિના પહેલાં અયોધ્યામાં હતો અને આજે વાળીનાથમાં મહાદેવના સાંનિધ્યમાં છું. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે કોંગ્રેસે તેમના શાસનમાં વિકાસ અને વિરાસત વચ્ચે તકરાર ઊભી કરી હતી. કોંગ્રેસે જ સોમનાથ અને પાવાગઢના વિકાસમાં વિઘ્ન ઊભું કર્યું હતું.

### કોંગ્રેસે જ સોમનાથ અને પાવાગઢના વિકાસમાં વિઘ્ન ઊભું કર્યું હતું'



### આજથી ઠીક એક મહિના પહેલાં અયોધ્યામાં હતો

આજથી ઠીક એક મહિના પહેલાં અયોધ્યામાં હતો અને આજે વાળીનાથમાં મહાદેવના સાનિધ્યમાં છું. રબારી સમાજ માટે આ ગુરુગાદી આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. આજે તરભ ખાતેથી લોકોની સુવિધા માટે આજે 13000 કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું છે. જેનાથી લોકો માટે રોજગાર માટે નવું અવસર બનશે. આજે હું દિવ્ય ઉર્જા અનુભવ કરી રહ્યો છે. આ ઉર્જા એ યાત્રાથી પણ જોડે છે જે બળદેવગીરી બાપુએ શરૂ કરી હતી. હું મંચ પરથી ગાદીપતિ જયરામગીરી બાપુને વંદન કરું છે. બળદેવગીરી બાપુ જોડે મારો ગાઢ નાતો જોડાયેલું હતું. 2016માં તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે.

### કોંગ્રેસ-AAP વચ્ચે દિલ કી ડીલ, શું લોકોનો સાથ-સહકાર મળશે ખરો!

# અહેમદ પટેલના પુત્ર ફૈસલનું કોંગ્રેસને અલ્ટીમેટમ, અપક્ષ લડી શકું તેમ છું

## ભરૂચ અને ભાવનગર બેઠક આપના ખાતામાં આવી

■ ભરૂચ

લોકસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થઈ ગયું છે. જેમાં ભાવનગર અને ભરૂચ બેઠક આમ આદમી પાર્ટીના ખાતામા આવી છે. જોકે પહેલા જ આપના સંયોજક અરવિંદ કેજરીવાલ દ્વારા ભરૂચ બેઠક પર ચૈતર વસાવાને ઉમેદવાર બનાવવાની જાહેરાત કરી દીધી છે. ચૈતર વસાવાએ પણ સત્તાવાર જાહેરાતની રાહ જોયા વગર જ લોકસભા ચૂંટણીની તડામાર તૈયારી શરૂ કરી દીધી છે. એક સમયના કોંગ્રેસના દિગ્ગજ નેતા મરહૂમ અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલ અને પુત્રી મુમતાઝ પટેલને પણ ભરૂચ બેઠક પર કોંગ્રેસમાંથી પ્રબળ દાવેદાર ગણવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં આપ-કોંગ્રેસના ગઠબંધનને લઈ સત્તાવાર જાહેરાત બાદ ફૈસલ પટેલ દ્વારા ભરૂચ લોકસભા બેઠકને લઈ કોંગ્રેસને અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે. ભાવનગર લોકસભા બેઠક પર પણ પોતાના ઉમેદવારના નામની જાહેરાત કરી ચૂકી છે. ભાવનગર લોકસભા બેઠક પર આપ દ્વારા બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાને ઉમેદવાર બનાવ્યા છે. આપના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી ત્યારે આપના ગુજરાત પ્રભારી સંદીપ પાઠકે કહ્યું હતું કે, હું આશા રાખું છું કે ઈન્ડિયા એલાયન્સ આ જાહેરાતને સ્વીકારી છે એટલે અમે ખૂબ મહેનત કરી બેઠક જીતવાનો પ્રયાસ કરીશું.

### સત્તાવાર ગઠબંધનની જાહેરાત બાદ ભરૂચ માટે ખેંચતાણ!

ચૂંટણી સમયે સામાન્ય રીતે બે પક્ષો વચ્ચે થતા ગઠબંધન બાદ પાર્ટીઓ વચ્ચે સીટોની વહેંચણી થતી હોય છે. પરંતુ, ગુજરાતમાં તો આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન નક્કી થઈ ગયું છે. ત્યારે હવે ફૈસલ પટેલ અને મુમતાઝ પટેલના રાજકીય ભવિષ્ય સામે અનેક સવાલ ઉભા થઈ ગયા છે.

### ગઠબંધન પહેલા જ આપના ઉમેદવારની જાહેરાત

સામાન્ય રીતે બે પાર્ટીઓ વચ્ચે ગઠબંધન બાદ સીટની વહેંચણી થતી હોય છે અને પછી નક્કી થયેલી પાર્ટીના ઉમેદવારના નામની જાહેરાત થતી હોય છે. પરંતુ, ભરૂચ લોકસભા બેઠક પર આમ આદમી પાર્ટીએ તો કોંગ્રેસ સાથે સત્તાવાર ગઠબંધન થવાની પણ રાહ જોઈ નહોતી. આપના સંયોજક અરવિંદ કેજરીવાલે થોડા સમય પહેલા તેમની ગુજરાત મુલાકાત દરમિયાન ભરૂચ બેઠક પર આપના ઉમેદવાર તરીકે ચૈતર વસાવાના નામની જાહેરાત કરી દીધી હતી.

### આ બેઠક પર પિતાનો 45 વર્ષનો રાજકીય વારસો છે, અસ્તિત્વ માટે લડીશ: ફૈસલ પટેલ



ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ગઠબંધનની વાતચીત ચાલી રહી હતી. ગઠબંધનમાં આમ આદમી પાર્ટી ભરૂચ સિવાય પણ બે બેઠકની માગણી કરી હતી અને પાર્ટીએ તેનો સ્વીકાર પણ કલી લીધો.. ત્યારે જ અહેમદ પટેલના પુત્ર ફૈસલ પટેલે આજે કહ્યું હતું કે, ભાજપને મજબૂત ટક્કર આપવા માટે વિપક્ષી પાર્ટીઓ વચ્ચે ગઠબંધન થાય તે આવકાર્ય છે. પરંતુ આ બેઠક પર હું ચૂંટણી લડવા માગું છું. ત્યારે મેં કોંગ્રેસ હાઈકમાન્ડનું ધ્યાન દોર્યું છે કે, ભરૂચ બેઠક પર કોંગ્રેસની જીતની શક્યતા વધુ છે. જો ગઠબંધન થાય તો ભરૂચ બેઠક કોંગ્રસને મળવી જોઈએ. ફૈસલ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે, જો ભરૂચ બેઠક પર આપનો ઉમેદવાર આવશે તો હું તેમનું સમર્થન નહીં કરું.ત્યારે હવે તે બળવો કરે છેકે નહીં તે જોવું રહ્યું.

### ભરૂચ બેઠક આપવા કોંગ્રેસે સહમતી આપી: ચૈતર વસાવા

ભરૂચ લોકસભા બેઠક માટે લાંબી ખેંચતાણ ચાલી. અને હવે ઈન્ડિયા ગઠબંધન તરફથી સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવી છે. જેમાં ભરૂચ લોકસભા બેઠક પર આપના ઉમેદવાર ચૈતર વસાવાએ કહ્યું હતું કે, હું યાત્રામાં હતો ત્યારે આપના પ્રદેશના નેતાઓ અને કોંગ્રેસના સાથી મિત્રોના મારા પર અભિનંદનના ફોન આવ્યા છે. ઈન્ડિયા ગઠબંધનમાં સહમતી થઈ ગઈ છે. ગુજરાતમાં ભરૂચ લોકસભા બેઠક આપવા માટે કોંગ્રેસે સહમતી દર્શાવી છે. આજનો દિવસ મારા માટે ખાસ છે. કોંગ્રેસના રાજ્યના અને પ્રદેશના નેતાઓનો હું આભાર માનું છું. સ્વભાવિક છે કે, કોંગ્રેસના ઘણા આગેવાનોને લડવાની ઈચ્છા હતી. અમારી વચ્ચે કોઈ મતભેદ નથી. દાહોદ જિલ્લામાં ગયા રવિવારે યોજાયેલી આમ આદમી પાર્ટીની એક સભાને સંબોધતા ડેડીયાપાડના ધારાસભ્ય ચૈતર વસાવાએ કહ્યું હતું કે, આજની તારીખે લખી રાખજો નરેન્દ્ર મોદી હોય રાહુલ ગાંધી હોય કે મુમતાઝ પટેલ હોય ભરૂચ લોકસભામાં ચૈતર વસાવાને જીતતા કોઈ નહીં રોકી શકે.

# માધાપર બ્રિજના લોકાર્પણ બાદ પણ સર્વિસ રોડ બંધ

### કલેક્ટરે વાયદો પૂર્ણ ન કરતાં લોકોને ભારે હાલાકી

■ રાજકોટ

રાજકોટનાં માધાપર ચોકડી બ્રિજનાં લોકાર્પણને પાંચ મહિના કરતા વધુ સમય થયો છે. જોકે, આમ છતાં પણ આ બ્રિજની એક તરફનો સર્વિસ રોડ બંધ છે. જમીન સંપાદનનાં કારણે આ સર્વિસ રોડ બની શક્યો નથી. આ કારણે વાહનચાલકો પોતાનું વાહન રોંગ સાઈડમાંથી ચાલવા મજબૂર બન્યા છે. સપ્ટેમ્બરમાં બ્રિજ લોકાર્પણ સમયે કલેક્ટરે 2 મહિનામાં જમીન સંપાદન કરીને સર્વિસ રોડ શરૂ કરવાનો વાયદો આપ્યો હતો, પરંતુ કલેક્ટરે વાયદો પૂર્ણ કર્યો નથી. વાયદાને પાંચ મહિના કરતા વધુ સમય થવા છતાં સર્વિસ રોડ બંધ હોવાથી અકસ્માતોની સંખ્યા પણ વધી છે. છેલ્લા 6 મહિનામાં 11થી વધુ અકસ્માત આ જગ્યા પર થયાં છે. આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.



## NEWS FILE

### બેટ દ્વારકાને જોડતા સિગ્નેચર બ્રિજનું તા.25 ફેબ્રુ.એ લોકાર્પણ



દ્વારકાઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખાથી બેટ દ્વારકાને જોડતા સિગ્નેચર બ્રિજનું તા.25 ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી લોકાર્પણ કરશે. અંદાજીત રૂ. 978.93 કરોડના ખર્ચે આ વિશીષ્ટ કેબલ સ્ટેયડ બ્રિજનું નિર્માણ થયુ છે. આ તકે જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ઓખા અને બેટ દ્વારકાને જોડતો ફોરલેન સિગ્નેચર બ્રિજ જે 900 મીટર લોન્ગ સેન્ટ્રલ કેબલ મોડ્યુલ પર બનેલો છે. બ્રિજની કુલ લંબાઈ 2320 મીટર છે. ઓખા સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ 370 મીટર, બેટ સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ 650 મીટર અને 900 મીટર કેબલ સ્ટેઈડ બ્રીજ છે.

### રાજ્ય સરકાર અને SMC સુવાલી બીચને ડેવલપ કરશે

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા સુવાલી બીચના વિકાસ માટે અંદાજીત 48 કરોડની રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સર્કિટ હાઉસ, રોડ રસ્તા, પાણી, શૌચાલય, વીજળી વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા ગત બજેટમાં 10 કરોડ રૂપિયા સુંવાલી બીચના વિકાસ માટે મંજૂર કરવામાં આવ્યો છે. સુરતીઓ અને દક્ષિણ ગુજરાતના લોકો માટે પર્યટન સ્થળ તરીકે ડેવલપમેન્ટ કરવા માટે કામ શરૂ કરી દેવાયું છે. સુરતમાં પર્યટન સ્થળને વિકસાવવા માટે બે દિવસ માટે બીચ ફેસ્ટિવલનું આયોજન કરાયૂ છે.

### 1 મહિનામાં 10,814 લોકોએ વિદેશમાં મુસાફરી કરી




સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી વિદેશ પ્રવાસ કરનારા યાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી પ્રથમ વખત એક મહિના જાન્યુઆરી 2024માં વિદેશ પ્રવાસ કરનાર યાત્રીઓની સંખ્યા 10814 સુધી પહોંચી છે. હાલ, સુરત એરપોર્ટથી શારજાહ અને દુબઈની ફક્ત બે ફ્લાઈટ ચાલે છે. ત્યારે આવતીકાલથી દુબઈની વધુ એક ફ્લાઈટ શરૂ થતાં વિદેશ પ્રવાસ કરનારા યાત્રીની સંખ્યામાં હજી વધારો થશે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વર્ષ 2018-19માં વિદેશની શારજાહની પ્રથમ ફ્લાઈટ શરૂ થઈ હતી. જે સપ્તાહમાં બે દિવસ ઉડાન ભરતી હતી.

# નવસારીમાં PM મોદીએ વિકાસકાર્યોની મોટી ભેટ

### « ‘કોંગ્રેસના લોકો મોદીની જાતિને ગાળો આપે છે

### તેઓ જેટલો કીચડ ફેંકશે 370 કમળ એટલાં જ શાનથી ખીલશે’

■ નવસારી

PM મોદીએ અમદાવાદ, મહેસાણા બાદ નવસારીની મુલાકાત લીધી. નવસારીના વાસી બોરસી ગામમાં આયોજિત કાર્યક્રમમાં તેમના દ્વારા ગુજરાતના પ્રથમ PM મિત્રા પાર્ક સહિત 44 હજાર કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતાં તેમણે મોદીની ગેરંટીની વાત કરી હતી. તો સાથે ભારતની વિરાસત, સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને પરિવારવાદને લઈ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા.

વડાપ્રધાને ફાઈવ Fની વાત કરતા કહ્યું કે, ખેડૂત કપાસ ઉગાડશે, કપાસ ફેક્ટરીમાં જશે, ફેકટરીમાં ધાગાથી પરિધાન બનશે અને પરિધાન વિદેશમાં નિકાશ થશે. મને લાગતું હતું કે, ટેક્સટાઈલની આ આખી ચેઈન આપણી પાસે હોવી જોઈએ.આજે આત્મનિર્ભર બનવા માટે અમે આવી જ વ્યવસ્થાનું નિર્માણ કરી રહ્યા છીએ. આ PM મિત્ર પાર્ક પણ આ જ અભિયાનનો ભાગ છે.

### પરિવારવાદને લઈ કોંગ્રેસને આડેહાથ લીધી અને જીતનો મોટો દાવો કર્યો



જ્યારે કોઈ પાર્ટી પરિવારવાદના સંકજામાં આવી જાય છે ત્યારે તેને પરિવારથી ઉપર કંઈ દેખાતું નથી. પરિવારવાદી માનસિકતા નવા વિચારની દુશ્મન હોય છે. પરિવારવાદી માનસિકતા નવી પ્રતિભાની દુશ્મન હોય છે. પરિવારવાદી માનસિકતા યુવાઓની áદુશ્મન હોય છે. પોતાના પરિવારની રક્ષા માટે તેઓ જૂની સ્થિતિ બનાવી રાખે છે. કોંગ્રેસ સાથે આજે આજ થઈ રહ્યું છે. જ્યારે ભાજપા આવનારા 25 વર્ષનો રોડમેપ બનાવી દેશ સામે વિકાસના લક્ષ્ય સાથે નીકળી છે. પીએમ મોદીએ દેશની વિરાસતને લઈ વાત કરતા કહ્યું હતું કે, કોંગ્રેસે દસકા સુધી દુનિયાને ભારતની અસલી વિરાસતથી દૂર રાખી. અમે સરદાર પટેલના યોગદાનને સમર્પિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવી પણ કોંગ્રેસનો એકપણ શીર્ષ નેતા તેને શ્રદ્ધાજંલિ આપવા ગયા નથી. ગુજરાત પ્રત્યેની આ જ નફરતને કોઈ ગુજરાતી ક્યારેય ભૂલી નથી શકતો.

# અખિલ-શુભા મૃત્યુ પામ્યા છે તેના પર પડદો પાડી દેવાનું ષડયંત્ર તો નથી



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - 21

'તો પછી અખિલે કેમ એને શુભા તરીકે બતાવી? એ મૃતદેહોમાં નાની બાળકીનો મૃતદેહ તો એક જ હતો. તેથી ગફલત થવાનો તો સવાલ જ નહોતો. છતાંયે આ વાત નક્કી કરવા જ મેં ઉદયપુર ફોન લગાવ્યો છે.'

ત્યાં જ ફોનની ઘંટડી વાગી, ઓપરેટરે કહ્યું કે 'ઉદયપુરડી.સી.પી. લાઈન પર છે. હું લાઈન જોડું છું, વાત કરો.'

ઔપચારિકતા પતાવીને ઈન્સ્પેક્ટરે તુલસીએ કહેલી વાત એ મને કરી અને પૂછ્યું કે, 'મરનારની યાદીમાં એક જ બાળકી હતી કે બીજી કોઈ બાળકીનું નામ છે એમાં?'

તુલસીના ધબકારા એકદમ વધી ગયા હતા. ફોનમાં સામેથી શું બોલાય છે એ તો સંભળાવાનું નહોતું, તેથી ધીરજ રાખ્યે જ છૂટકો. વાત ઘણી લાંબી ચાલી. ઈન્સ્પેકટરે જેવો ફોન મૂક્યો તરતજ તુલસીએ પૂછ્યું, 'શું કહ્યું એમણે?'

'ટ્રાવેલ્સની ઓફિસમાંથી બસમાં બેસનારની યાદી મંગાવેલી, એ યાદીમાં તો એક જ બાળકી છે, અને એનું નામ પણ પરી લખાવેલું છે. અખિલના બયાનમાં છે જ કે, એણે ખોટા નામે ટિકિટ લીધેલી. સ્વામીજી અને પરીના નામે. જો એ પરી શુભા ના હોય તો શુભા ક્યાં ગઈ?'

તુલસીએ એકદમ જ ઈન્સ્પેક્ટરના હાથ પકડી લીધા ને બોલી, 'પ્લીઝ મારી શુભા જ્યાં હોય ત્યાંથી શોધી આપો. ક્યાં હશે મારી લાડકી? કઈ હાલતમાં હશે? એને વેચી તો નહીં દીધી હોય ને? હું તમારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલું. મારું આટલું કામ કરી આપો પ્લીઝ.' આમ કહેતા-કહેતા તુલસી રડી પડી.

'પ્લીઝ તમે રડો નહીં. હું મારાથી શક્ય તમામ પ્રયત્નો કરીશ. એમાં કોઈ ઉપકાર નથી કરતા, એ તો અમારું કામ છે ને એ કામ કરવાનો તો અમને પગાર મળે છે.'

'જો પરીએ શુભા નથી તો પોતાની જાતને અખિલ કહેતો જે માણસ મૃત્યુ પામ્યો છે, તે વાસ્તવમાં અખિલ છે ખરો?'

'સાચી વાત છે તમારી. એ શુભા નથી તો પછી એ અખિલ પણ નહીં જ હોય. કંઈક તો રહસ્ય છે જ. અખિલ અને શુભા બંને મૃત્યુ પામ્યા છે એવું બતાવીને આ આખાયે પ્રકરણ પર પડદો પાડી દેવાનું ષડયંત્ર તો નથી ને?'

અખિલ, શુભા મૃત્યુ પામ્યા હોવાનું પુરવાર કરી દીધું, ચીમન ચપ્પુ મૃત્યુ પામ્યો. આ કેસની સાથે સંકળાયેલી કડીઓને કાપી નાખીને અસલી ગુનેગારને બચાવવાનું કંઈક તો કાવતરું છે જ.'

'એક મિનિટ ઈન્સ્પેક્ટર, એ બધા ફોટા મને આપો તો.' તુલસીએ એ બધા જ ફોટા ફરી-ફરીને ત્રણવાર ધ્યાનથી જોયા, પછી બોલી.


'આમાં અખિલનો ફોટો પણ નથી ઈન્સ્પેક્ટર. કેમ? દરેક મૃતદેહનાં ફોટો હોય તો પછી એનો પણ ફોટો હોવો જોઈએ ને?'

અકસ્માત થયો ત્યારે પહેલા નજીકના ગામડાના લોકો પહોંચી ગયેલા પોલીસ તો પછી પહોંચી હતી.

એ લોકો પહોંચ્યા ત્યારે અખિલ એકલો જ જીવિત હતો, વળી એણે બચાવનારને એવું કહેલું કે મને જલ્દી હોસ્પિટલ પહોંચાડોને ત્યાં પોલીસ કે કોઈ જવાબદાર વ્યક્તિને હાજર રાખજો.

મારે બહુ જ અગત્યની વાત તેમને કરવાની છે. કોઈની જિંદગીનો સવાલ છે.

બીજી કોઈ વ્યક્તિ જીવિત નહોતી. તેથી અખિલને



એકલાને ફટાફટ હોસ્પિટલ પહોંચાડેલો. આ બધી નોંધ પોલીસની ડાયરીમાં લખીછે.

પોલીસ ત્યાં પછી પહોંચેલીને ફોટાપાડેલાં.'

'પણ અખિલ એટલે કે એ માણસ મૃત્યુ પામ્યો પછી તો એનો ફોટો પાડ્યો હશે ને?'

'નહીં પાડેલો હોય, કારણકે જો પાડ્યો હોત તો આ બધા ફોટા સાથે એ ફોટો હોત જ. વળી, અખિલે જે બયાન આપેલું કે, ચીમન ચપ્પુથી પરિવારને, તુલસીને મતલબ કે તમને ખતરોછે. એટલે પોલીસવાળાએ બાબતને ગંભીર ગણીને એને લગતા પગલા ભરવાને જ પ્રાથમિકતા આપે.

કારણકે આવા બયાન પછી જો કોઈ ઊંધુચત્તું થાય તો પોલીસવાળાનું આવી બને. વળી તેત્રીસ મુસાફર બસના ને ટેન્કરના ડ્રાઈવર, ક્લીનર એમ પાંત્રીસ માણસો જ્યારે મર્યા હોય ત્યારે હોસ્પિટલમાં અફરા-તફરી મચી જ હોય. દરેક મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવાનું, તેના રિપોર્ટ બનાવવાના, એ પેસેન્જર ક્યાનાં છે એ શોધવાનું, તેના સગાવહાલા ત્યાં આવે ત્યારે ખરાઈ કરીને મૃતદેહ એમને સોંપવાનો. જેના સગા ત્યાં ના પહોંચી શકે એમ હોય, એ બધા મૃતદેહોને એમના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવાની. આ બધું સહેલું નથી. ઘણો સમય, સ્ટ્રેસને માણસો જોઈએ.

માણસો ઓછા હોય ત્યારે દોડાદોડીમાં રહી ગયો હશે ફોટો પાડવાનો.'

'તમારી વાત સાચી છે. જો એ અખિલ છે કે નહીં એ નક્કી થઈ ગયું હોત તો, આપણને ખબર પડતી કે શુભાને શોધવાની શરૂઆત ક્યાંથી કરવી જોઈએ. થોડી સ્વાર્થી લાગુ તમને તો માફ કરજો, પરંતુ શુભાને શોધવાની વાતને પ્રાથમિકતા આપી શકાય તો આપજો.

કારણકે એક નાનકડી, નિર્દોષ બાળકીની આખી જિંદગીનો સવાલ છે. એક એવી નાજુક બાળકી કે એણે હજુ દુનિયા શું છે? કેવી છે? એ જોઈ જ નથી. એની દુનિયા ના રોળાઈ જાય એ જોજો પ્લીઝ.'

આમ કહેતાં-કહેતાં તુલસીએ બે હાથ જોડ્યા અને ગળે બાઝેલા ડુમાને ખાળતી,આંખોમાં ધસી આવેલા આંસુને ખાળતી, ઈન્સ્પેક્ટરનો જવાબ સાંભળ્યા વગર ઊભી થઈને ત્યાંથી સડસડાટજતીરહી.

ક્યારેક આપણી લાગણીઓને છુપાવવાનું એટલું બધું મુશ્કેલ બની જાય છે કે, ખબર જ નથી પડતી કે શું કરવું!

ઈન્સ્પેક્ટર તુલસીને નજરથી દુર જતી જોઈ રહ્યા. કેટલી સુંદર, પ્રભાવક, સરળ. આવી સ્ત્રીને દુઃખ નહીં પણ દુઃખોની હારમાળા! પ્રભુ તારું ગણિત પણ ક્યારેક સમજની બહાર હોય છે.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

# સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

તમારાં સપના અને લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આ યોગ્ય સમય છે. તમારા કામ પ્રત્યે પૂર્ણ સમર્પણ સાથે સખત મહેનત કરો. તમે ભાવનાત્મક રીતે સશક્ત અનુભવ કરશો. અને તમારી ક્ષમતા અને મહેનતથી તમે યોગ્ય પરિણામ પણ પ્રાપ્ત કરશો. કોઈ પણ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતાં પહેલા તેની સાથે જોડાયેલી યોગ્ય માહિતી મેળવી લો.

### વૃષભ



(બ.વ.ઉ)

સંબંધો માટે તમારું સન્માન પરસ્પર સંબંધોને વધુ મજબૂત બનાવશે. તમે તમારાં બાળકો માટે ઉત્તમ માતા-પિતા સાબિત થશો. તમે તમારા કાર્ય સંબંધિત નીતિઓ વિશે વિચારીને સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરશો.ભાવનાઓના કારણે ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો, તમે પોતાનું નુકસાન કરી શકો છો. તમારી પોતાની સ્થિતિનું પણ ધ્યાન રાખો.

### મિથુન



(ક.છ.ઘ)

ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહેશે. ખાસ કરીને મહિલાઓ માટે આ સમય ખૂબ જ ફાયદાકારક છે. તમારામાં દરેક પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત હશે. ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિની સલાહ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે.તમારી ક્ષમતા કરતાં વધુ જવાબદારીઓ લેવાથી તમારા સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે.

### કર્ક



(ડ.હ)

કંઈક નવું શીખવામાં પણ સમય પસાર થશે. અને આ અનુભવ તમને પછીથી વ્યવહારિક જીવનમાં ઉપયોગી થશે.બેદરકારી અને વિલંબના કારણે મહત્ત્વપૂર્ણ કામ અધૂરાં રહી શકે છે. કોઈ પ્રસંગમાં તમારું અપમાન થઈ શકે છે અથવા તમારા સન્માનને ઠેસ પહોંચી શકે છે. ગમે ત્યાં અયોગ્ય વાતચીત અથવા બડાઈ મારવાનું ટાળો.

### સિંહ



(મ.ટ)

નજીકના સંબંધીઓના આવવાથી ઘરમાં ઉત્સાહનું વાતાવરણ રહેશે. કામનો બોજ વધારે રહેશે. પરંતુ તે સારા પરિણામો પણ આપશે. બીજા પર નિર્ભર રહેવાને બદલે તમારી કાર્યક્ષમતા પર વિશ્વાસ રાખવાથી તમે વધુ સફળ થશો.આળસને કારણે કેટલીક સિદ્ધિઓ ચૂકી શકે છે. આ ઉપરાંત, કેટલીક જૂની નકારાત્મક બાબતોને કારણે.

### કન્યા



(પ.ઠ.ણ)

મોટા ભાગના કામ તમારી ઈચ્છા મુજબ પૂર્ણ થશે. કોઈ ધાર્મિક અને અનુભવી વ્યક્તિના સાંનિધ્યમાં થોડો સમય વિતાવવાથી તમે તમારી વિચારધારામાં મોટો ફેરફાર અનુભવશો. તમારી નજીકના વ્યક્તિ સાથે અણબનાવ થવાની સંભાવના છે. તમારું સ્વાભિમાન જાળવી રાખો. તમારા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો સુરક્ષિત રાખો.

### તુલા



(ર.ત)

અનુભવી લોકોની સંગતમાં તમને અનેક પ્રકારની માહિતી મળશે, જે તમારા ભવિષ્ય માટે પણ ફાયદાકારક રહેશે. છેલ્લા કેટલાક સમયથી ચાલી આવતી કોઈપણ પારિવારિક બાબતને ઉકેલવા માટે આ સાનુકૂળ સમય છે. તમારા ખર્ચને મર્યાદિત રાખો. આત્મનિરીક્ષણ આત્મચિંતનમાં થોડો સમય વિતાવો.

### વૃશ્ચિક



(ન.ય)

તમારી ઈચ્છા મુજબ કોઈ કાર્ય પૂર્ણ થવાથી આત્મવિશ્વાસ અનુભવશો. પ્રભાવશાળી વ્યક્તિની મુલાકાત લાભદાયી સાબિત થશે. પરિવારના સભ્યોનું સન્માન જાળવો અને તેમના માર્ગદર્શનનું પાલન કરો.વ્યવસાયિક પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રહેશે. પૈસા સંબંધિત લેવડ-દેવડને લઈને વિવાદ જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

પરિવાર અને સંબંધીઓ સાથે થોડો સમય પસાર કરવાથી તમને શાંતિ મળશે. આજે તમે કોઈ પ્રભાવશાળી વ્યક્તિ સાથે મુલાકાત કરશો અને તમને ઘણી નવી માહિતી પણ મળશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે.જો તમારી ઈચ્છા મુજબ કોઈ કામ ન થાય તો તણાવમાં આવવાને બદલે તેનો ઉકેલ શોધો.

### મકર



(ખ.જ)

કેટલીક નવી પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજના બનશે. પરિવારમાં ચાલી રહેલી કોઈ સમસ્યા પણ દૂર થઈ જશે. તમારી રુચિની પ્રવૃત્તિઓ માટે થોડો સમય કાઢો, તેનાથી તમને માનસિક શાંતિ મળશે. સ્વભાવમાં પરિપક્વતા લાવવી મહત્ત્વપૂર્ણ છે. માત્ર કામકાજ અને કર્મચારીઓ સાથે યોગ્ય તાલમેલ જાળવવો જરૂરી છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

ઉત્તમ ગ્રહોની સ્થિતિ જળવાઈ રહેશે. તમે તમારી જવાબદારીઓ સારી રીતે નિભાવશો. તમે તમારા પરિવાર સાથે ઓનલાઈન શોપિંગ અને મનોરંજનમાં આનંદપૂર્વક સમય પસાર કરશો. આજે તમને કોઈ રાજકીય સંપર્કથી ફાયદો થઈ શકે છે. નાની-નાની બાબતોમાં કે વિવાદમાં ફસાવું યોગ્ય નથી.

### મીન




(દ.ચ.ઝ.થ)

ગ્રહોનું સંક્રમણ તમારા પક્ષમાં છે. પરંતુ કોઈપણ ધ્યેય હાંસલ કરવા માટે પ્રવૃત્તિઓમાં શિસ્ત જાળવવી પણ જરૂરી છે. જો કે, તમે ઘર સંબંધિત જવાબદારીઓને ખૂબ ગંભીરતાથી નિભાવશો. તમને ફોન અથવા મેઈલ દ્વારા કોઈ ખાસ સમાચાર મળી શકે છે. ક્યારેક વધારે પડતા આત્મવિશ્વાસના કારણે કરેલું કામ બગડી શકે છે.

# ‘ડોન 3’માં કિયારા અડવાણીની એન્ટ્રી

## રણવીર સિંહ ‘ડોન’નું પાત્ર ભજવશે, ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થાય તેવી ફિલ્મ સર્જકોએ શરૂ કરી તૈયારી...



■ મુંબઈ

‘ડોન 3’ના નિર્માતાઓએ ફિલ્મની મુખ્ય અભિનેત્રીની જાહેરાત કરી છે. ફરહાન અખ્તર અને એક્સેલ એન્ટરટેઈનમેન્ટે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. કિયારા અડવાણીને ટેગ કરીને તેણે કેપ્શન લખ્યું - ડોન યુનિવર્સ @kiaraaliaadvani માં આપનું સ્વાગત છે. ‘ડોન’ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ ‘ડોન 3’માં શાહરૂખ ખાનની જગ્યાએ રણવીર સિંહ ડોનની ભૂમિકામાં જોવા મળશે. હવે નિર્માતાઓએ આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરાને બદલે રણવીરની સામે કિયારા અડવાણીને કાસ્ટ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ ફિલ્મના નિર્દેશક ફરહાન અખ્તર હશે.

### રણવીર સિંહને કેમ કાસ્ટ કરવામાં આવ્યો?

વેરાયટીને આપેલા ઈન્ટરવ્યુમાં ફરહાને કહ્યું હતું કે તે ‘ડોન-3’ની સ્ટોરીને નવી દિશા આપવા માંગતો હતો. જો કે, તે અને શાહરૂખ ખાન, જે આ સિરીઝના છેલ્લા બે ભાગમાં મુખ્ય અભિનેતા હતો, તેની સ્ટોરી સાથે સહમત ન હતા. આ જ કારણ હતું કે ફરહાને શાહરૂખને ફિલ્મમાંથી હટાવીને રણવીર સાથે કામ કરવાનો નિર્ણય લીધો હતો.

### શાહરૂખ- હું પરસ્પર સંમતિથી અલગ થયા: ફરહાન


ફરહાને કહ્યું- હું કોઈને રિપ્લેસ કરવાની સ્થિતિમાં નથી. અમે વર્ષોથી આ બાબતોની ચર્ચા કરતા હતા. હું અને શાહરૂખ એ વાત પર સહમત નહોતા કે હું સ્ટોરીને કઈ દિશામાં લઈ જવા માંગતો હતો. આ પછી અમે એકબીજા સાથે વાત કરી અને અલગ થવાનો નિર્ણય કર્યો. અમને લાગ્યું કે આ સિરીઝ માટે આ વધુ સારું રહેશે. મહત્વનું છે કે શાહરૂખ ખાને ડોન ફિલ્મના બંને ભાગમાં શાનદાર અભિનય કર્યો હતો. તેમના રોલથી અંદાજ હતો કે તે ત્રીજા ભાગમાં પણ કામ કરશે પરંતુ ડીલ ન થતાં તે અલગ થઈ ગયા છે.

# વરુણ ધવનની પત્ની નતાશા માતા બનશે, વધુ એક બોલીવૂડ કપલને ત્યાં કિલકારી ગૂંજશે



મુંબઈ : વરુણ ધવનની પત્ની નતાશા પ્રેગનન્ટ છે. વરુણ ધવને સોશિયલ મીડિયા પર તેના ચાહકોને આ ખુશી સમાચાર આપ્યા હતા. વરુણે પોતાનો અને નતાશાનો એક ફોટો પોસ્ટ કર્યો છે. તેમાં તે નતાશાના બેબી બમ્પને કિસ કરતો જણાય છે. વરુણ અને નતાશાનાં લગ્ન ત્રણ વર્ષ પહેલાં જાન્યુઆરી માસમાં જ થયાં હતાં. વરુણે આ પોસ્ટ કરતાં જ બોલીવૂડની સંખ્યાબંધ હસ્તીઓ તથા ચાહકોએ તેને અભિનંદન પાઠવ્યાં હતાં. કરણ જોહરે તરતર જ આ પોસ્ટ અંગે ખુશી વ્યક્ત કરી હતી. અનુષ્કા કે વિરાટ બેમાંથી કોઈએ પણ હજુ સુધી તેઓ બીજી વાર માતા પિતા બની રહ્યાં હોવાનું કન્ફર્મ કર્યું નથી.

# સોનારિકા ભદૌરિયા પ્રેમી સાથે લગ્નના બંધનમાં બંધાઈ



### રણથંભૌરમાં મંગેતર સાથે કર્યા શાહી અંદાજમાં લગ્ન

■ નવી દિલ્લી



દેવોં કે દેવ મહાદેવમાં પાર્વતીનું પાત્ર ભજવીને જાણીતી બનેલી અભિનેત્રી સોનારિકા ભદૌરિયા લાંબા સમયથી બોયફ્રેન્ડ વિકાસ પારાશર સાથે ડેટ કરી હતી. હવે આ કપલ લગ્નના બંધનમાં બંધાઈ ગયુ છે. રવિવારે લાંબા સમયથી ડેટ કરી રહેલાં બોયફ્રેન્ડ વિકાસ પારાશર સાથે સાત ફેરા લીધા હતા. તેમના લગ્નની પ્રથમ ઝલક સોશિયલ મીડિયા પર સામે આવી છે. તેના વર્માલાનો વીડિયો વાયરલ થયો છે. સોનારિકાએ તેના લગ્નમાં ફિશકટ સ્ટાઈલનો લાલ રંગનો ડ્રેસ પહેર્યો હતો. તેણે આ લુકને ડાયમંડ જ્વેલરી સાથે કમ્પ્લીટ કર્યો હતો. સોનારિકાના મેકઅપ સંપૂર્ણપણે ન્યૂડ હતો. સોનારિકા આખા લુકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. ચાહકોને તેનો લુક ઘણો પસંદ આવી રહ્યો છે. સોનારિકાના લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. એક વીડિયોમાં સોનારિકા વરમાલા માટે એન્ટ્રી લેતી જોવા મળી રહી છે. વીડિયોમાં સોનારિકા અને વિકાસ એકબીજાને હાર પહેરાવતા જોવા મળે છે. બેકગ્રાઉન્ડમાં રામ સિયા રામ વાગી રહ્યુ છે. સોનારિકાના પ્રી-વેડિંગ ફંક્શન્સ વિશે વાત કરીએ તો એક્ટ્રેસે આ પહેલાં મહેંદીના ફોટા પણ શેર કર્યા હતા. સોનારિકાએ પોતાના હાથ પર ખૂબ જ ખાસ મહેંદી લગાવી હતી. તેના હાથમાં શિવ અને પાર્વતી બનાવ્યા હતા. સોનારિકાએ હલ્દી માટે યલો કલરનો ડ્રેસ પહેર્યો હતો. તેણે ફ્લાવર જ્વેલરીથી પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો.

# BAFTA એવૉર્ડમાં દેશી ગર્લ બનીને પહોંચી ગઈ દીપિકા


### અભિનેત્રીનો રેડ કાર્પેટમાં જોવા મળ્યો બોલ્ડ અંદાજ

■ લંડન

77મા બાફ્ટા (બ્રિટિશ એકેડેમી ફિલ્મ અવૉર્ડ)ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ ‘ઓપનહાઈમર’ એ બેસ્ટ ફિલ્મ સહિત 7 બાફ્ટા જીત્યા છે. આ જ ફિલ્મ માટે દિગ્દર્શક ક્રિસ્ટોફર નોલાનને બેસ્ટ દિગ્દર્શક, એક્ટર કિલિયન મર્ફીને બેસ્ટ લીડ એક્ટરનો અવૉર્ડ અને અભિનેતા રોબર્ટ ડાઉની જુનિયરને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ વર્ષે, ક્રિસ્ટોફર નોલાનની ફિલ્મ ‘ઓપનહાઈમર’ને બાફ્ટામાં 13 કેટેગરીમાં સૌથી વધુ નોમિનેશન મળ્યાં છે. તે જ સમયે, આ વર્ષે કોઈ ભારતીય ફિલ્મને બાફ્ટામાં નોમિનેશન મળ્યું નથી.

‘પુઅર થિંગ્સ’એ 5 અવૉર્ડ જીત્યા ‘ઓપનહેઈમર’ સિવાય ફિલ્મ ‘પુઅર થિંગ્સ’એ 5 બાફ્ટા જીત્યા હતા. અભિનેત્રી એમ્મા સ્ટોનને આ ફિલ્મ માટે બેસ્ટ લીડિંગ એક્ટ્રેસનો અવૉર્ડ મળ્યો હતો. આ સિવાય ફિલ્મે કોસ્ચ્યુમ, મેક-અપ અને હેર, પ્રોડક્શન ડિઝાઈન અને સ્પેશિયલ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ માટે બાફ્ટા પણ જીત્યો હતો. આ અવૉર્ડ સમારોહનું આયોજન લંડનના રોયલ ફેસ્ટિવલ હોલમાં કરવામાં આવ્યું હતું. સાયન્સ-ફિક્શન સિરીઝ ‘ડૉક્ટર હૂ’ ફેમ સ્કોટિશ અભિનેતા ડેવિડ ટેનાન્ટ આ સમારોહના હોસ્ટ હતા. બાફ્ટાની ગણતરી વિશ્વના ટોપના 4 ફિલ્મ અવૉર્ડમાં થાય છે.



# ‘અનુપમા’ ફેમ એક્ટર ઋતુરાજ સિંહનો 59 વર્ષની ઉંમરે હાર્ટ એટેકે લીધો જીવ

■ મુંબઈ

પ્રખ્યાત ટેલિવિઝન અને ફિલ્મ અભિનેતા ઋતુરાજ સિંહનું નિધન થયું છે. 59 વર્ષના ઋતુરાજને ગઈકાલે રાત્રે હાર્ટ એટેક આવ્યો હતો. તેઓ સ્વાદુપિંડ સંબંધિત બીમારીથી પીડિત હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. છેલ્લે એમેઝોન પ્રાઈમની વેબસિરીઝ ‘ઈન્ડિયન પોલીસ ફોર્સ’માં ઈરાનના આતંકવાદીની ભૂમિકામાં જોવા મળ્યા હતા.

ઋતુરાજના નિધનના સમાચારની પુષ્ટિ તેમના નજીકના મિત્ર અભિનેતા અમિત બહલે કરી છે. અમિતે કહ્યું, ‘હા, તેમનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું હતું. તેમને સ્વાદુપિંડની સારવાર માટે થોડા દિવસો પહેલાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પછી, જ્યારે તેઓ ઘરે પાછા આવ્યા ત્યારે તેમને હ્દયની કેટલીક સમસ્યાઓ હતી જ્યારે પછી તેમનું મૃત્યુ થયું હતું.

બોલિવૂડ એક્ટર અરશદ વારસીએ ટ્વિટ કરીને ઋતુરાજના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. અરશદે જણાવ્યું કે તે અને ઋતુરાજ એક જ બિલ્ડિંગમાં રહેતા હતા. અભિનેતાએ લખ્યું, ‘ઋતુરાજના નિધનના સમાચાર સાંભળીને દુઃખી છું.



IPL-2024નું શિડ્યૂલ જાહેર થયું

# 22 માર્ચે CSK-RCB વચ્ચે ઓપનિંગ મેચ, ચૂંટણીને કારણે ટુર્નામેન્ટ 2 તબક્કામાં

■ મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024ની 21 મેચનું શિડ્યૂલ ગુરુવારે જાહેર થયું હતું. લોકસભા ચૂંટણીને કારણે આ સીઝનનું સંપૂર્ણ શિડ્યૂલ બહાર પાડ્યું નથી. લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ બીજા તબક્કાનું શિડ્યૂલ જાહેર કરાશે. આ સીઝનની પ્રથમ મેચ 22 માર્ચે ચેપોક સ્ટેડિયમમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચે રમાશે. પ્રથમ તબક્કામાં 22 માર્ચથી 7 એપ્રિલ સુધીનું ટાઈમટેબલ જાહેર કર્યું છે. આ સમયગાળા દરમિયાન 17 દિવસમાં 21 મેચ રમાશે, જેમાં 4 ડબલ હેડર (એક દિવસમાં બે મેચ) સામેલ હશે.

| મેચ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| CSK Vs RCB | 22 માર્ચ | 7:00 | ચેન્નઈ |
| PBKS Vs DC | 23 માર્ચ | 3:00 | મોહાલી |
| KKR Vs SRH | 23 માર્ચ | 7:00 | કોલકાતા |
| RR Vs LSG | 24 માર્ચ | 3:00 | જયપુર |
| GT Vs MI | 24 માર્ચ | 7:00 | અમદાવાદ |
| RCB Vs PBKS | 25 માર્ચ | 7:00 | બેંગાલુરુ |
| CSK Vs GT | 26 માર્ચ | 7:00 | ચેન્નઈ |
| SRH Vs MI | 27 માર્ચ | 7:00 | હૈદરાબાદ |
| RR Vs DC | 28 માર્ચ | 7:00 | જયપુર |
| RCB Vs KKR | 29 માર્ચ | 7:00 | બેંગાલુરુ |
| LSG Vs PBKS | 30 માર્ચ | 7:00 | લખનઉ |
| GT Vs SRH | 31 માર્ચ | 3:00 | અમદાવાદ |
| DC Vs CSK | 31 માર્ચ | 7:00 | વિશાખાપટ્ટનમ |
| MI Vs RR | 1 એપ્રિલ | 7:00 | મુંબઈ |
| RCB Vs LSG | 2 એપ્રિલ | 7:00 | બેંગાલુરુ |
| DC Vs KKR | 3 એપ્રિલ | 7:00 | વિશાખાપટ્ટનમ |
| GT Vs PBKS | 4 એપ્રિલ | 7:00 | અમદાવાદ |
| SRH Vs CSK | 5 એપ્રિલ | 7:00 | હૈદરાબાદ |
| RR Vs RCB | 6 એપ્રિલ | 7:00 | જયપુર |
| MI Vs DC | 7 એપ્રિલ | 3:00 | મુંબઈ |
| LSG Vs GT | 7 એપ્રિલ | 7:00 | લખનઉ |

# ICC ટેસ્ટ રેન્કિંગમાં યશસ્વી જયસ્વાલની મોટી છલાંગ

■ નવી દિલ્લી

ભારતીય બેટર યશસ્વી જયસ્વાલ ICC વર્લ્ડ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં 14 સ્થાનની છલાંગ લગાવીને 15માં સ્થાને પહોંચી ગયો છે. તે જ સમયે, આર અશ્વિન બોલિંગ રેન્કિંગમાં એક સ્થાનનો વધારો કર્યો છે - બોલિંગ રેન્કિંગમાં નંબર-1 જસપ્રીત બુમરાહ પછી બીજા સ્થાને આવી ગયો છે. ઓલરાઉન્ડર રેન્કિંગમાં રવીન્દ્ર જાડેજા પ્રથમ સ્થાને યથાવત્ છે.

**જયસ્વાલ અને રોહિતને બેટિંગ રેન્કિંગ ફાયદો, રૂટને નુકસાનઃ** યશસ્વી જયસ્વાલને બેટિંગ રેન્કિંગમાં 14 સ્થાનનો ફાયદો થયો છે. તે 29માથી 15મા સ્થાને ગયો. બીજી ટેસ્ટ બાદ તેણે 37 સ્થાનની છલાંગ લગાવી હતી. આ સાથે જ રોહિત શર્મા પણ રાજકોટમાં સદી ફટકારીને એક સ્થાન આગળ વધીને 12મા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે ભારતીયોમાં વિરાટ કોહલી ટોપ પર 7મા નંબર પર છે. ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન નંબર-1 પર યથાવત છે. આ સાથે જ ઈંગ્લેન્ડના બેટર્સને 2 સ્થાનનું નુકસાન થયું છે. ભારત સામેની સિરીઝમાં તેના બેટમાંથી એક પણ રન નહોતો. તે 5મા નંબરે આવી ગયો છે.

**બોલિંગમાં જસપ્રીત નંબર-1 પર છે, અશ્વિનને ફાયદો થયોઃ** બોલિંગ રેન્કિંગમાં જસપ્રીત બુમરાહ નંબર-1 પર યથાવત છે. આ સાથે જ આર અશ્વિન રાજકોટમાં ઈંગ્લેન્ડ સામેના શાનદાર પ્રદર્શનને કારણે બીજા ક્રમે આવી ગયો છે. રવીન્દ્ર જાડેજા 3 સ્થાનનો ફાયદો ઉઠાવીને 9માથી છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. જેમ્સ એન્ડરસન અને ઓલી રોબિન્સનને 1 સ્થાન ગુમાવવાની સાથે ઈંગ્લેન્ડના બોલરોને નુકસાન થયું હતું.

# IPLમાં ગુજરાતને મોટો ફટકો પહોંચ્યો

## « ટીમનો સ્ટાર બોલર મોહમ્મદ શમી ટુર્નામેન્ટમાંથી બહાર, T20 વર્લ્ડ કપમાં પણ નહીં રમી શકે

### લેફ્ટ એન્કલમાં ઈજા થતાં તે નવેમ્બરમાં પાછો ફરશે

■ નવી દિલ્લી

IPL 2024ની શરૂઆત પહેલાં એક મોટું અપડેટ સામે આવ્યું છે. ભારતનો સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી IPLમાંથી બહાર થઈ ગયો છે. તેના લેફ્ટ એન્કલમાં ઈજા થઈ છે. તેને આ માટે બ્રિટનમાં સર્જરીની જરૂર પડશે. તે આ વર્ષે નવેમ્બર સુધીમાં જ સર્જરી બાદ પરત ફરી શકશે. BCCIના સૂત્રએ સમાચાર એજન્સી PTIને આ માહિતી આપી છે.33 વર્ષીય શમી ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીનો ભાગ નથી, તે છેલ્લે નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં ભારત માટે રમ્યો હતો. BCCIના એક સૂત્રએ PTIને જણાવ્યું હતું કે શમી જાન્યુઆરીના છેલ્લા અઠવાડિયામાં લેફ્ટ એન્કલ માટે ખાસ ઈન્જેક્શન લેવા બ્રિટન ગયો હતો, જ્યાં તેને કહેવામાં આવ્યું હતું કે ત્રણ અઠવાડિયાં પછી તે લાઈટ રનિંગ શરૂ કરી શકે છે અને એ પછી આ ઈન્જેક્શન લઈ શકે છે.



### શમી સર્જરી કરાવવા UK જશે

BCCIના આ વરિષ્ઠ સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આ ઈન્જેક્શન કામ કરતું નથી અને હવે એકમાત્ર વિકલ્પ સર્જરી છે. આવી સ્થિતિમાં શમી ટૂંક સમયમાં સર્જરી માટે બ્રિટન જવા રવાના થશે, તેથી IPLની આ સીઝનમાં શમીના રમવાનો સવાલ જ ઊભો થતો નથી. આવી સ્થિતિમાં શુભમન ગિલની ગુજરાત ટાઈટન્સ ટીમ માટે આ મોટો ફટકો છે. PTIના જણાવ્યા અનુસાર, સર્જરી બાદ શમી IPL તેમજ T20 વર્લ્ડ કપ પણ રમી શકશે નહીં. સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં યોજાનારી બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ શ્રેણી માટે પણ તેના માટે ફિટ રહેવું મુશ્કેલ છે. જોકે BCCIને આશા છે કે ડિસેમ્બરમાં ઓસ્ટ્રેલિયા સામે શરૂ થનારી ટેસ્ટ શ્રેણી સુધીમાં શમી ફિટ થઈ જશે. શમીએ વર્લ્ડ કપની 7 મેચમાં 24 વિકેટ લઈને ભારત માટે શાનદાર પ્રદર્શન કર્યું, તે આ ટુર્નામેન્ટમાં દુખાવો હોવા છતાં રમ્યો. બોલિંગ કરતી વખતે તેને લેન્ડિંગમાં સમસ્યા આવી રહી હતી.

## NEWS FILE

### CSKના તોફાની બેટરે ધોનીનું ટેન્શન વધાર્યું, ઈજાગ્રસ્ત થતાં IPLમાં રમવા સામે શંકા



ચેન્નઈઃ ચેન્નઈ સુપર કિંગ્સને IPL 2024 પહેલા મોટો ઝાટકો લાગ્યો છે. ચેન્નઈનો સ્ટાર ઓલરાઉન્ડર શિવમ દુબે રણજી ટ્રોફીની મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાને કારણે તે રણજી ટ્રોફી 2024ની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે. શિવમ દુબે આ સમયે શાનદાર ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હતો. આસામ સામે મુંબઈની તાજેતરની મેચમાં બેટિંગ કરતી વખતે તેને ઈજા થઈ હતી. તે મેચમાં શિવમે 121 રનની અણનમ ઈનિંગ રમી હતી. ઈજા હોવા છતાં દુબેની વર્તમાન રણજી સિઝન શાનદાર રહી છે, તેણે 5 મેચોમાં 407 રન બનાવ્યા છે, જેમાં બે સદી અને બે ફિફ્ટી સામેલ છે. આ દરમિયાન તેણે 12 વિકેટ પણ લીધી હતી.

**શિવમ દુબે થયો ઈજાગ્રસ્ત** હાલ શિવમ દુબેની ઈજા અંગે ચેન્નઈ સુપર કિંગ્સ અથવા મુંબઈ રણજી ટીમ મેનેજમેન્ટ તરફથી કોઈ અપડેટ આવ્યું નથી. પરંતુ તે નિશ્ચિત છે કે તે 22 માર્ચથી શરૂ થનારી IPLના પ્રથમ રાઉન્ડની કેટલીક મેચમાંથી બહાર થઈ શકે છે.

**ધોનીનું ટેન્શન વધ્યું** હવે સવાલ એ થાય છે કે શિવમ દુબેની જગ્યાએ ચેન્નઈના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની કયા ખેલાડીને ટીમમાં તક આપશે? સંભવિત રિપ્લેસમેન્ટ ખેલાડીઓની વાત કરીએ તો અંડર-19ના યુવા ઓલરાઉન્ડર મુશીર ખાન પર CSK નજર હોઈ શકે છે. શિવમ દુબેએ ભારત માટે છેલ્લી 3 T20I મેચોમાં બે મેચ-વિનિંગ ફિફ્ટી ફટકારી છે.

### ગુજરાત ટાઈટન્સના સ્ટાર બોલર પર લાગ્યો 1 વર્ષનો પ્રતિબંધ




નવી દિલ્લીઃ IPL 2024 પહેલા ગુજરાત ટાઈટન્સના સ્ટાર સ્પિનર નૂર અહેમદને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નૂર પર 12 મહિના માટે ILT20માં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેની ફ્રેન્ચાઈઝી શારજાહ વોરિયર્સે નૂર અહેમદને ઈન્ટરનેશનલ લીગમાંથી પ્રતિબંધિત કર્યો હતો. તેના પર કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.નૂર અહેમદને શારજાહ વોરિયર્સે 1 સિઝન માટે સાઈન કર્યો હતો. આ પછી ફ્રેન્ચાઈઝી નૂરને આગામી સીઝન માટે રિટેન કરવા માંગતી હતી. તેને રિટેન્શન નોટિસ પણ રજૂ કરવામાં આવી હતી. પરંતુ અહેમદે તેના પર સહી કરવાનો ઈનકાર કર્યો હતો.

# હવે કમલનાથ પણ 'હાથ'માંથી જશે?

## મહારાષ્ટ્રના પૂર્વ CM અશોક ચવ્હાણ ભાજપમાં જોડાયા, સાંસદ પણ બન્યા

## અનેક નેતાઓ ઈડી, સીબીઆઈના ડરથી છોડી રહ્યા છે પાર્ટીના મોટા નેતાઓ

■ નવી દિલ્લી

મધ્યપ્રદેશના એક યુવા નેતા જેમણે 22 વર્ષની ઉંમરે કોંગ્રેસનો હાથ પકડ્યો, ત્યારબાદ 1980માં પ્રથમવાર છિંદવાડાથી લોકસભા ચૂંટણી જીતી સંસદ સુધી પહોંચ્યા. તેમનો ગાંધી પરિવાર સાથે એવો સંબંધ છે કે, એક ચૂંટણી સભામાં ઈન્દિરા ગાંધીએ તેમને પોતાના ત્રીજા પુત્ર ગણાવ્યા હતા. તેમની સાથે સંજય ગાંધીની મિત્રતાના કિસ્સા પણ જગજાણિતા છે. એટલું જ નહીં જ્યારે કોંગ્રેસ મધ્ય પ્રદેશમાં 15 વર્ષ સુધી સત્તામાંથી બહાર હતી, ત્યારે તેમણે 2018માં પાર્ટીના વનવાસ પર પૂર્ણ વિરામ મુકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અમે વાત કરી રહ્યા છીએ, પાર્ટીના દિગ્ગજ નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલ નાથની... હાલ દેશભરના તેમની ચર્ચા ચાલી રહી છે. કમલનાથ ભાજપમાં જોડાવા હોવાની અટકળો વહેતી થયા બાદ રાજકારણમાં ખળભળાટ અને ખાસ કરીને કોંગ્રેસ ચિંતાના વાદળો ઘેરાતા જોવા મળી રહ્યા છે. જોકે કમલનાથે આજે તમામ અટકળોનો જવાબ આપતા કહ્યું કે, 'જો આવું થશે તો બધાને ખબર પડી જશે, પરંતુ મારે હજુ સુધી કોઈની સાથે વાત થઈ નથી.' તેમના આ નિવેદન બાદ તેમણે 'કોંગ્રેસમાં જ હોવાનો અને ભાજપમાં હું નથી જ જવાનો' હોવાનું ભારપૂર્વક ન કહેતા હજુ પણ આશંકાઓની ચર્ચાઓ ચાલી રહી છે.

### 10 વર્ષમાં કોંગ્રેસ છોડનારા નેતાઓની યાદી ઘણી લાંબી

જો કમલનાથ ભાજપ સાથે રાજકારણ આગળ વધારશે તો કોંગ્રેસ માટે આ મોટો ઝટકો હશે. કારણ કે હવે લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસના જૂના અને દિગ્ગજ નેતાઓ પાર્ટી છોડીને જઈ રહ્યા છે. તાજેતરમાં જ અશોક ચવ્હાણ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા.



### કોંગ્રેસના આ દિગ્ગજ નેતાઓએ કોંગ્રેસનો છોડ્યો સાથ

1 કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણે 12 ફેબ્રુઆરી-2024ના રોજ પાર્ટી છોડી બીજા જ દિવસે ભાજપમાં સામેલ થઈ ગયા હતા.અને રાજ્યસભામાં ચૂંટાઈ પણ આવ્યા છે.

2 પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે પણ કોંગ્રેસ સાથે બળવો કરી ડિસેમ્બર-2021માં ભાજપમાં સામેલ થઈ ગયા હતા.

3 વર્ષ 1999થી 2004 સુધી કર્ણાટકના મુખ્યમંત્રી રહેલા એસ.એમ.કૃષ્ણાએ પણ 2017માં પક્ષ પલટો કરી ભાજપ જોઈન્ટ કર્યું હતું. કૃષ્ણા 1968માં પ્રથમવાર સાંસદ બન્યા હતા અને તેઓ ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી બંને સાથે કામ કરી ચુક્યા છે.

4 ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી વિજય બહુગુણાએ મે-2016માં કોંગ્રેસને અલવિદા કહી ભાજપનો હાથ પકડી લીધો હતો.

5 આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કિરણ કુમાર રેડ્ડીએ તો બે વખત કોંગ્રેસનો સાથ છોડ્યો હતો. અગાઉ 2014માં તેમણે કોંગ્રેસ છોડી પોતાનો પક્ષ બનાવ્યો હતો, પરંતુ તેઓ 2018 કોંગ્રેસમાં આવ્યા બાદ 2023માં ભાજપમાં જોડાયા હતા.

6 કોંગ્રેસને સૌથી મોટો ઝટકો તો અરૂણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુએ આપ્યો હતો, કારણ કે ત્યાં કોંગ્રેસની સત્તા હતી, પરંતુ તેઓ ડિસેમ્બર-2016માં (પીપુલ્સ પાર્ટી ઑફ અરૂણાચલ - PPA) ના 32 સાંસદોને લઈને ભાજપમાં સામેલ થતા કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો.

7 કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગાંધી પરિવારના ખુબ જ નજીકના ગુલામ નબી આઝાદ જેમને કોંગ્રેસે 2005માં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી બનાવ્યા હતા. એટલું જ નહીં તેમની પર ઘણો વિશ્વાસ મૂકી ઘણા હોદ્દા પણ અપાયા હતા, પરંતુ છેવટે તેમણે 2022માં કોંગ્રેસના તમામ પદ પરથી રાજીનામું આપી પોતાની પાર્ટી બનાવી લીધી છે.

8 કોંગ્રેસ છોડનારા દિગ્ગજ નેતાઓમાં નારાયણ રાણેનું પણ નામ સામેલ છે. જ્યારે 1999માં બાલ ઠાકરેએ નારાયણ રાણેને મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેઓ 2005માં શિવસેના છોડી કોંગ્રેસમાં સામેલ થઈ ગયા હતા. ત્યારબાદ તેમણે 2017માં કોંગ્રેસનો સાથ છોડ્યો અને મહારાષ્ટ્ર સ્વાભિમાન પક્ષની સ્થાપના કરી, પછી 2018માં ભાજપને સમર્થન આપ્યું.

## સોનિયા, અશ્વિની વૈષ્ણવ સહિત 41 નેતા રાજ્યસભામાં

### આ વખતે અનેક નવા ચહેરાઓ રાજ્યસભામાં જોવા મળશે

■ નવી દિલ્હી

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડા, પક્ષમાં તાજેતરમાં જ પ્રવેશ મેળવનાર અશોક ચવાણ અને કેન્દ્રીય મંત્રીઓ અશ્વિની વૈષ્ણવ તથા મુરુગન સહિત ૪૧ ઉમેદવારો મંગળવારે રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. બીજીબાજુ ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, કર્ણાટકમાં ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણીનો તખ્તો તૈયાર થઈ ગયો છે. હવે ઉત્તર પ્રદેશમાં ૧૦, કર્ણાટકમાં ચાર અને હિમાચલ પ્રદેશમાં એક બેઠક પર સવારે ૯.૦૦થી સાંજે ૪.૦૦ સુધીમાં મતદાન થશે તથા એ જ દિવસે સાંજે ૫.૦૦ વાગ્યે પરિણામ જાહેર થશે. રાજ્યસભામાંથી ૫૦ સભ્યો બીજી એપ્રિલે, ૬ સભ્યો ત્રીજી એપ્રિલે નિવૃત્ત થવાના છે.રાજસ્થાનમાં સોનિયા ગાંધી તેમજ ભાજપના ચુનિલાલ ગરાસિયા અને મદન રાઠોડ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.





## NEWS FILE

### કોંગ્રેસને આવકવેરા વિભાગનો ઝટકો, રૂ.65 કરોડ વસૂલ્યા



નવી દિલ્લીઃ લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો આંચકો લાગ્યો છે. આવકવેરા વિભાગે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાસેથી 115 કરોડ રૂપિયાની બાકી ટેક્સની વસૂલી પેટે 65 કરોડ રૂપિયા વસૂલ્યા છે. વિભાગે મંગળવારે કોંગ્રેસ પાર્ટીના બેંક ખાતામાંથી આ વસૂલી કરી છે. વિભાગે ટેક્સની વસૂલાત કરવા માટે કોંગ્રેસના એકાઉન્ટની ઓળખ કરી હતી, ત્યારબાદ આ કાર્યવાહી કરાઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આઈટી વિભાગે કોંગ્રેસના એકાઉન્ટમાંથી 115 કરોડની વસૂલાતની ઓળખ કરી હતી. હવે આ મામલે કોંગ્રેસે ખોટી રીતે વસૂલી કરવાનો આક્ષેપ કરી ફરીયાદ નોંધાવી છે.

### અખિલેશનો માસ્ટર સ્ટ્રોક, કોંગ્રેસ-સપા સાથે લડશે ચૂંટણી

લખનઉઃ ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે છેલ્લા કેટલાક દિવસોથી 'સીટ શેરિંગ'ને લઈને સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે વાતચીત ચાલી રહી હતી, જેમાં કોઈ નિર્ણય લેવાયો ન હતો. ત્યારે હવે મળતા અહેવાલ મુજબ બંને પક્ષો સમજૂતી થઈ ગઈ છે અને લોકસભાની ચૂંટણી એકસાથે લડશે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ વાતની પુષ્ટિ કરી છે.ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશમાં લોકસભાની 80 બેઠકો આવેલી છે. જેના પર ભાજપનું પલડું ભારે મનાય છે.

### દિગ્ગજ કોંગ્રેસી નેતાને 'મિત્ર' માનતા ફ્રાન્સનું સર્વોચ્ચ સન્માન



પેરિસઃ કોંગ્રેસના સાંસદ શશિ થરૂરને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'શેવેલિયર ડે લા લિજન ડી'ઓનર' (નાઈટ ઓફ ધ લીજન ઓફ ઓનર)થી સન્માનિત કરવામાં આવ્યા છે. થરૂરને ફ્રાન્સની સેનેટના અધ્યક્ષ ગેરાર્ડ લાર્ચર દ્વારા એક કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. ફ્રાન્સ સરકારે 2022ની ઓગસ્ટે થરૂરને આ એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી પરંતુ તેમને મંગળવારે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ સન્માન માટે શશિ થરૂરે ફ્રાન્સનો આભાર માન્યો છે. ડૉ. થરૂરને આ સન્માન ભારત-ફ્રાંસ સંબંધોને મજબૂત કરવાના, આંતરરાષ્ટ્રીય શાંતિની પ્રતિબદ્ધતા તેમના અથાક પ્રયાસો માટે અપાયો.

# વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર પણ યુરોપિયન યુનિયનને છોડશે?

### ■ બ્રેક્ઝિટ બાદ ડેક્ઝિટની તૈયારી, જર્મની હવે શું કરશે?

■ મ્યુનિચ

જમણેરી વિચારધારા ધરાવતી ઓલ્ટરનેટિવ ફોર જર્મની (એએફડી) પાર્ટીએ જર્મનીની યુરોપીયન યુનિયનમાંથી એક્ઝિટ એટલે કે ડેક્ઝિટનો મુદ્દો ઉઠાવ્યો છે. એએફડીએ સૂચન કર્યું છે કે, જર્મનીને મજબૂત બનાવવું હોય તો બ્રિટનની જેમ યુરોપીયન યુનિયનમાંથી નિકળી જવું જોઈએ. બ્રિટનની સરકારે યુરોપીયન યુનિયનમાં રહેવું કે નિકળી જવું એ માટે જનમત લીધો હતો એ રીતે જર્મનીમાં જનમત કરાવવાનું સૂચન કરીને એલાન કર્યું છે કે, 2025માં પોતે સત્તામાં આવશે તો યુરોપીયન યુનિયનમાં રહે કે નહીં એ અંગે ચોક્કસ જનમત કરાવશે. 2025ની ચૂંટણી માટેના ઓપિનિયન પોલમાં એડીએફ લોકપ્રિયતામાં બીજા નંબરે છે તેથી તેની જાહેરાતને ગંભીર માનવામાં આવે છે. બ્રિટન યુરોપીયન યુનિયનમાંથી અલગ થઈ ગયું એ રીતે જર્મની પણ યુરોપીયન યુનિયનથી અલગ થઈ જશે કે શું એ સવાલ અત્યારે આખા યુરોપમાં ચર્ચાઈ રહ્યો છે.

### બ્રેક્ઝિટ પછી ઈંગ્લેન્ડની શું સ્થિતિ છે તે લોકો જાણે છે



એએફડીની જાહેરાતે હલચલ મચાવી છે કેમ કે ૨૦૨૫ની ચૂંટણી માટેના ઓપિનિયન પોલમાં એડીએફ લોકપ્રિયતામાં બીજા નંબરે છે. પહેલા નંબરે સૌથી મોટો વિપક્ષ યુનિયન પાર્ટીઝ છે એ જોતાં હાલની સરકાર ઘરભેગી થશે એ નિશ્ચિત મનાય છે. જર્મનીમાં અત્યારે સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી (એસડીપી)ના નેતૃત્વ હેઠળના મોરચાની સરકાર છે અને ઓલાફ સ્કોલ્ઝ ચાન્સેલર છે. ગ્રીન પાર્ટી અને ફ્રી ડેમોક્રેટિક પાર્ટી (એફડીપી) આ મોરચામાં ભાગીદાર છે. જર્મનીના સંસદના નીચલા ગૃહ એટલે કે બુંડસ્ટાકની ૭૩૫ બેઠકોમાંથી આ મોરચા પાસે ૪૧૬ બેઠકો છે જ્યારે વિપક્ષો પાસે ૩૧૯ બેઠકો છે ને તેમાં ૧૯૭ બેઠકો તો યુનિયન પાર્ટીઝ તરીકે ઓળખાતી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (સીડીયુ) અને ક્રિશ્ચિયન સોશિયલ યુનિયન (સીએસયુ) પાસે છે. ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેન લિંડનરની વાતમાં સૂર પુરાવી રહ્યા છે.